# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૧ જૂન ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ પૂનમ | અંક : ૩૩૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


# બનાસ નદીમાં નહાવા પડેલા ૧૧ યુવકો ડૂબ્યાં, ૮ના મોત

## ઘટનાની જાણ થતા પોલીસ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે

। (એજન્સી) રાજસ્થાન, તા.૧૦ ।

રાજસ્થાનના ટોંક જિલ્લામાં મંગળવારે (૧૦મી જૂન) એક મોટી દુર્ઘટના સર્જાય છે. બનાસ નદીમાં નહાવા ગયેલા ૧૧ યુવાનો અચાનક જોરદાર પ્રવાહમાં તણાયા હતા. આ ઘટનામાં અત્યાર સુધીમાં આઠ યુવાનોના મૃત્યું થયાના અહેવાલ છે. ઘટનાની જાણ થતા પોલીસ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.



મળતી માહિતી અનુસાર, ટોંક જિલ્લામાં બનાસ નદીમાં ૧૧ યુવાનો નહાવા પડ્યા હતા, પરંતુ અચાનક નદીના જોરદાર પ્રવાહને કારણે તણાયા હતા. આ ઘટના અંગેની જાણ ગ્રામજનોએ પોલીસને કરી હતી. માહિતી મળતાં જ ટોંક પોલીસ, વહીવટીતંત્ર અને SDRF ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી છે. અત્યાર સુધીમાં ૮ યુવાનોના મૃતદેહ મળી આવ્યા છે, જો કે, હજુ ત્રણ યુવાનોની શોધખોળ કરવામાં આવી રહી છે. આ દુઃખદ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

જાણકારી અનુસાર યુવકો અહીં પિકનિક મનાવવા માટે આવ્યા હતા. જોકે બાદમાં એક બાદ એક ડૂબવા લાગ્યા, પછી સ્થાનિકોએ પોલીસને જાણ કરી. સ્થાનિકોનું કહેવું છે કે નદીનો આ હિસ્સો ખૂબ જ ઊંડો છે, તેમ છતાં ચેતવણી માટે કોઈ બોર્ડ લગાવવામાં આવી નથી. જેના કારણે ઘણીવાર લોકો જાણકાર વિના નહાવા માટે કૂદી પડતાં હોય છે. તમામ મૃતકો જયપુરના હોવાના પ્રાથમિક અહેવાલ છે. પરિજનોની રોકકળના કારણે હોસ્પિટલમાં ગમગીન માહોલ સર્જાયો હતો. જૈં વિકાસ સાંગવાને લોકોને જાણકારી વિના પાણીમાં ન ઉતરવા અપીલ કરી છે. રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'ટોંક જિલ્લામાં બનાસ નદીમાં ડૂબવાથી યુવાનોના મૃત્યુના સમાચાર ખૂબ જ દુઃખદ છે. ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ મૃતકોના આત્માઓને શાંતિ આપે અને મૃતકોના પરિવારોને આ અપાર દુઃખ સહન કરવાની શક્તિ આપે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાયપ્રસની મુલાકાત લેશે

। (એજન્સી) સાયપ્રસ, તા.૧૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સાયપ્રસની મુલાકાત લેશે. તેઓ આવું કરનારા દેશના ત્રીજા વડાપ્રધાન હશે. સાયપ્રસ બાદ પીએમ મોદી G7 સમિટ માટે કેનેડાની મુલાકાત લેશે. એ પછી સ્વદેશ પરત ફરતી વખતે તેઓ ક્રોએશિયાની પણ મુલાકાત લેશે. ભારત યુરોપમાં તેની ભૂમિકા વધારવા માંગે છે અને આ તેમના પ્રવાસ કાર્યક્રમોમાં પણ જોવા મળી રહ્યું છે. સાયપ્રસ અને ક્રોએશિયા બંને



યુરોપિયન યુનિયન(EU)ના સભ્યો છે. સાયપ્રસ આવતા વર્ષના પ્રથમ છ મહિના માટે યુરોપિયન યુનિયન કાઉન્સિલની અધ્યક્ષતા પણ કરશે. અગાઉ, પીએમ મોદી ગયા મહિને ક્રોએશિયાની મુલાકાત લેવાના હતા. આ સાથે તેઓ નેધરલેન્ડ અને નોર્વેની પણ મુલાકાત લેવાના હતા. પરંતુ ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને કારણે આ મુલાકાત રદ કરવામાં આવી હતી. G7 સમિટ આગામી તા. ૧૫થી ૧૭ જૂન દરમિયાન કેનેડાના આલ્બર્ટામાં યોજાનાર છે. વડાપ્રધાન તેના છેલ્લા દિવસે એક ખાસ સત્રમાં ભાગ લેશે. કેનેડા તરફથી અચાનક આમંત્રણ મળતાં વડાપ્રધાનનો સંપૂર્ણ કાર્યક્રમ હજુ નક્કી થયો નથી. પરંતુ, સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે દ્વિપક્ષીય બેઠકો યોજવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## ઓસ્ટ્રિયાની સ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર, વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત ૧૧ના મોત

### ગ્રાઝ શહેરમાં બોર્ગ ડ્રેયર્સચ્યુત્ઝેંગાસે હાઇ સ્કૂલમાં એક વિદ્યાર્થી બંદૂક લઈને પહોંચ્યો અને તેની સામે આવનારા લોકો પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો

। (એજન્સી) ઓસ્ટ્રિયા, તા.૧૦ ।

ઑસ્ટ્રિયાના ગ્રાઝ શહેરમાં મંગળવારે (૧૦મી જૂન) એક સ્કૂલમાં થયેલા ગોળીબારમાં ૧૧ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે અનેક ઈજાગ્રસ્ત થયા છે. પોલીસ અધિકારીના જણાવ્યાનુસાર, ગોળીબાર કરનાર વ્યક્તિ વર્ગખંડમાં ઘૂસી ગયો હતો અને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. ગોળીબારનો ભોગ બનેલા લોકોમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય લોકોનો સમાવેશ



થાય છે. જોકે, શંકાસ્પદ હુમલાખોર એક વિદ્યાર્થી હોવાનું કહેવાય છે, જેણે ગોળીબાર બાદ આત્મહત્યા પણ કરી હતી. તેનો મૃતદેહ સ્કૂલના બાથરૂમમાંથી મળી આવ્યો હતો.

અહેવાલો અનુસાર, ગ્રાઝ શહેરમાં બોર્ગ ડ્રેયર્સચ્યુત્ઝેંગાસે હાઈ સ્કૂલમાં એક વિદ્યાર્થી બંદૂક લઈને પહોંચ્યો અને તેની સામે આવનારા લોકો પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો. ત્યારે બાદ આ વિદ્યાર્થીએ વોશરૂમમાં જઈને પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી.

પોલીસ પ્રવક્તા સાબરી યોર્ગુને જણાવ્યું હતું કે, 'સવારે ૧૦ વાગ્યે (ઑસ્ટ્રિયાના સમય મુજબ) ઘટનાની જાણ થયા બાદ વિશેષ દળને હાઈ સ્કૂલમાં મોકલવામાં આવ્યા હતા. સ્કૂલને ખાલી કરાવવામાં આવી છે અને વિદ્યાર્થીઓ અને સ્ટાફ બંનેને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. હાલ આ ઘટનાની તપાસ કરી રહ્યા છે. ત્રણ લાખથી વધુ વસ્તી ધરાવતું ગ્રાઝ શહેર, દેશની રાજધાની વિયેનાથી લગભગ ૨૦૦ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં આવેલું છે. તે ઑસ્ટ્રિયાનું બીજું સૌથી મોટું શહેર છે.

NDAના દિગ્ગજ નેતાની માગ

## ભ્રષ્ટાચાર ખતમ કરવો હોય તો રૂ.૫૦૦ની ચલણી નોટ બંધ કરો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ ભ્રષ્ટાચારનો અંત લાવવા માટે મોટી ચલણી નોટો પર પ્રતિબંધ મૂકવાની વાત કરી છે. એક ઈન્ટરવ્યૂમાં ચંદ્રબાબુએ કહ્યું કે, 'બધી મોટી ચલણી નોટો નાબૂદ થવી જોઈએ. તો જ ભ્રષ્ટાચાર નાબૂદ થઈ શકે છે. ફક્ત ૧૦૦ અને ૨૦૦ રૂપિયાથી ઓછી કિંમતની નોટો જ ચલણમાં રહેવી જોઈએ, ૫૦૦ રૂપિયાની નોટની પણ જરૂર નથી. તેના પર પણ પ્રતિબંધ મુકવો જોઈએ. 'મફત યોજનાઓ (ફ્રીબીઝ કલ્ચર) અંગેના પ્રશ્નના જવાબમાં નાયડુએ કહ્યું કે 'ફ્રીબીઝ શબ્દ યોગ્ય નથી. પહેલા ઘણી કલ્યાણકારી



યોજનાઓ નહોતી. પરંતુ એન. ટી. રામા રાવે (ભૂતપૂર્વ મુખ્યમંત્રી એન.ટી. રામા રાવ) ઘણી લાભદાયી યોજનાઓ શરૂ કરી. આજે દેશમાં સંપત્તિનું સર્જન થઈ રહ્યું છે પરંતુ અમીર અને ગરીબ વચ્ચેનું અંતર પણ વધી રહ્યું છે. આથી કલ્યાણકારી યોજનાઓ અર્થપૂર્ણ હોવી જોઈએ અને તેમની ડિલિવરી અસરકારક હોવી જોઈએ.'

## બિહારમાં ચૂંટણી પહેલા કોંગ્રેસ-RJD ટેન્શનમાં

। (એજન્સી) બિહાર, તા.૧૦ ।

બિહારના રાજકીય કોરિડોરમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ પહેલા મહા ગઠબંધનમાં રાજકીય ખેંચતાણ વધુ તીવ્ર બની ગઈ છે. વિકાસશીલ ઈન્સાન પાર્ટી પ્રમુખ મુકેશ સહાનીએ ફરી એકવાર રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ અને કોંગ્રેસનું ટેન્શન વધારી દીધું છે. મુકેશ સહાનીએ જાહેરાત કરી છે કે, અમારી પાર્ટી બિહારમાં ૬૦ વિધાનસભા બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારશે અને ૧૫૦ બેઠકો પર નિર્ણાયક ભૂમિકા ભજવશે.

આગની ઘટનાને કારણે ગભરાટનો માહોલ

## દિલ્હીના દ્વારકા સેક્ટર-૧૩માં ભીષણ આગ લાગી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હીના દ્વારકા સેક્ટર-૧૩માં ભીષણ આગ લાગી. આ આગ એપાર્ટમેન્ટના સાતમા માળે લાગી છે. ૮ ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયા છે. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. મકાન પરથી કૂદકા મારવાથી પિતા સહિત બે બાળકોના મોત થયા છે. મકાનમાં લાગેલી આગ બુઝાવવાનું કામ હજુ પણ ચાલુ છે. એપાર્ટમેન્ટમાં લાગેલી આગની ઘટનાને કારણે ગભરાટનો માહોલ સર્જાયો હતો. ઉતાવળમાં આખા એપાર્ટમેન્ટને ખાલી કરાવવામાં આવ્યું હતું. તેમ છતાં, કેટલાક લોકો ફસાયા હોવાની શક્યતા છે. આ અકસ્માતમાં બે બાળકો સહિત ત્રણ લોકોના મોત થયા છે. પોલીસ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. એપાર્ટમેન્ટમાં રહેતા લોકો પોતાનો સામાન બળી જવાથી ચિંતિત છે. આગની જ્વાળાઓ દૂર દૂર સુધી વધતી જોવા મળી રહી છે. આગ અન્ય માળ તરફ પણ ઝડપથી ફેલાઈ રહી છે. આવી સ્થિતિમાં, ઈમારતના અન્ય માળ અને નજીકની ઈમારતના લોકો પણ ડરી રહ્યા છે કે આ જ્વાળાઓ તેમના ઘરોને પણ બાળી શકે છે. બીજી તરફ, રવિવારે મોડી રાત્રે દિલ્હીના દિલશાદ ગાર્ડનમાં આગની ઘટના નોંધાઈ હતી.

ફ્રીડમ ફ્લોટિલા સંગઠનનો જહાજમાં રહેલા લોકોને ઈઝરાયેલે કિડનેપ કર્યા હોવાનો આક્ષેપ

## ઈઝરાયેલે ગાઝામાં જહાજ સાથે થનબર્ગની અટકાયત કરી

### ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, સેલિબ્રિટીઝ સાથેનું આ જહાજ માત્ર એક સ્ટન્ટ છે અને તેને ઈઝરાયેલના કાંઠે લઈ જવામાં આવી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ગાઝામાં ભૂખમરાનો સામનો કરી રહેલા લોકો માટે માઠા સમાચાર છે. પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ તેમજ અન્ય ૧૧ લોકો સાથેનું મેડલીન જહાજ રાહત સામગ્રી સાથે ગાઝામાં પ્રવેશે તે પૂર્વે જ તેને ઈઝરાયેલે અટકાવ્યું છે અને તમામને અટકમાં લઈ લીધા છે. ફ્રીડમ ફ્લોટિલા સંગઠન દ્વારા સંચાલિત આ જહાજને કોઈપણ ભોગે ગાઝામાં નહીં પ્રવેશ આપવા રવિવારે ઈઝરાયેલે જણાવ્યું હતું.



ગાઝાથી લગભગ ૨૦૦ કિ.મી.ના અંતરે આંતરરાષ્ટ્રીય જળસીમામાં જ જહાજને અટકાવાયું હતું. ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, સેલિબ્રિટીઝ સાથેનું આ જહાજ માત્ર એક સ્ટન્ટ છે અને તેને ઈઝરાયેલના કાંઠે લઈ જવામાં આવી રહ્યું છે. બીજીતરફ ફ્રીડમ ફ્લોટિલા સંગઠને જહાજને ઈઝરાયેલ દ્વારા ગેરકાયદે રોકવાનો અને તેમાં રહેલા કાર્યકરોને કિડનેપ કર્યાનો આક્ષેપ કર્યો હતો. જહાજમાં રહેલા કાર્યકરોને ઈઝરાયેલના પોર્ટ શહેર અશદોદ ખાતે લઈ જવામાં આવ્યા હોવાની સંભાવના છે. ઈટાલીના સિસિલીથી ૧ જૂનને રવિવારે મેડલીન નામનું જહાજ રવાના થયું હતું. સ્વીડનની પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ સહિત ૧૨ લોકો તેમાં સવાર હતા.

કેનેડા લાગુ કરવા જઈ રહ્યું છે નવો નાગરિકતા કાયદો

## નવા કાયદો કેનેડામાં રહેઠાણના આધારે નાગરિકતા આપવામાં આવશે

। (એજન્સી) કેનેડા, તા.૧૦ ।

હાલમાં જ કેનેડાએ 'નવું નાગરિકતા બિલ' નો પ્રસ્તાવ રજૂ કર્યો છે. ઈમિગ્રેશન મંત્રી લેના મેટલેજ ડાયાબ દ્વારા ગુરુવારે સંસદમાં રજૂ કરાયેલા આ બિલમાં વારસાગત ધોરણે કેનેડિયન નાગરિકતા મેળવવાના વર્તમાન નિયમને નાબૂદ કરવાની વાત કરવામાં આવી છે.

વર્ષ ૨૦૦૯માં રજૂ કરાયેલા નિયમ મુજબ કેનેડાની બહાર જન્મેલા કોઈપણ કેનેડિયન નાગરિકના વિદેશમાં જન્મેલા કે દત્તક લેવાયેલા બાળકને કેનેડાની નાગરિકતા મળતી નહોતી. હવે આ નિયમમાં સુધારો કરવાની રજૂઆત કરાઈ છે. કેનેડાના વર્તમાન નાગરિકતા કાયદા મુજબ વારસાગત નાગરિકતા ફક્ત કેનેડામાં જન્મેલી પ્રથમ પેઢી સુધી જ મર્યાદિત છે.

તેથી કેનેડાની બહાર જન્મેલા કોઈપણ કેનેડિયન નાગરિક પોતાની નાગરિકતા વિદેશમાં જન્મેલા (કે દત્તક લીધેલા) પોતાના બાળકને આપી શકતા નથી. વર્ષ ૨૦૦૯માં સંસદમાં રજૂ કરાયેલા આ કાયદામાં રહેલી ભૂલને સુધારવા માટે bill C-3 નામે પ્રસ્તાવ રજૂ કરાયો છે. નવા કાયદા મુજબ માતા-પિતાએ કેનેડા સાથે 'નોંધપાત્ર જોડાણ' દર્શાવવું પડશે.

## ન્યૂઝ બ્રિફ

### મણિપુરમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ, લોકોમાં ફફડાટ

। (એજન્સી) મણિપુર, તા.૧૦ ।

મણિપુરમાં ભૂકંપના આંચકાનો અનુભવ કરાયો હતો. તેની તીવ્રતા રેક્ટર સ્કેલ પર ૪.૩ માપવામાં આવી હતી. છેલ્લા લગભગ ૩૬ કલાકમાં ભારત-મ્યાનમારની બોર્ડર પર હલકી તીવ્રતાવાળા ૬ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મંગળવારે સવારે છેલ્લો ભૂકંપ અનુભવાયો, જેની તીવ્રતા ૪.૩ હતી. તેને મણિપુર પાસે અનુભવાયો હતો. ભારત મ્યાનમાર બોર્ડર ભૂકંપ માટે વધુ સંવેદનશીલ છે, કારણકે આ ક્ષેત્ર ભારતીય અને યુરેશિયન પ્લેટોના ટકરાવની વિશેષતાવાળા એક જટીલ ટેકનોલોજીના ક્ષેત્રમાં હાજર છે. અંદમાન - નિકોબાર ટાપુમાં એક્ટિવ સબડક્શન જોન અને મ્યાનમારમાં પ્રમુખ સાગાઈંગ ફોલ્ટ બંને આ ક્ષેત્રની ભૂકંપની હલચલમાં ભાગ ભજવે છે. ૨૮ માર્ચે મ્યાનમારમાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૩૭૦૦થી વધુ લોકો માર્યા ગયા. અનેક લોકોને ખુબ નુકસાન પહોંચ્યું.

### મનરેગાને હવે માસિક/ત્રિમાસિક વ્યય યોજના હેઠળ લાવવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ છ મહિના માટે મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) તેના વાર્ષિક બજેટના ફક્ત ૬૦% જ ખર્ચી શકશે. સરળ શબ્દોમાં કહીએ તો, મનરેગા માટે આખા વર્ષ માટે જે રકમ નક્કી કરવામાં આવી હતી, તેના ફક્ત ૬૦% જ વર્ષના પહેલા ૬ મહિનામાં ખર્ચ કરવામાં આવશે. નાણા મંત્રાલયે ગ્રામીણ વિકાસ મંત્રાલયને જણાવ્યું છે કે હવે આ યોજનાને માસિક/ત્રિમાસિક વ્યય યોજના (MEP/QEP) હેઠળ લાવવામાં આવશે. આ એક એવી સિસ્ટમ છે જે ખર્ચને નિયંત્રિત કરે છે. મનરેગાને આ યોજના હેઠળ લાવવાથી તેનો ખર્ચ માસિક અથવા ત્રિમાસિક ધોરણે ટ્રેક અને નિયંત્રિત કરી શકાશે. અત્યાર સુધી મનરેગાને આમાંથી મુક્તિ આપવામાં આવી હતી. શરૂઆતમાં, ગ્રામીણ વિકાસ મંત્રાલયે મનરેગાને MEP/QEP હેઠળ લાવવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો, પરંતુ આખરે નાણા મંત્રાલયના આ પ્રસ્તાવને મંજૂરી મળી ગઈ.બંને મંત્રાલયો વચ્ચે અનેક તબક્કાની વાતચીત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.




# ધોળકામાં બોરના વાયરો ચોરાતા પોલીસ ફરિયાદ, વાયરમાંથી કાઢ્યુ તાંબુ

## ખેતર માલિકો દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે અને LCB શાખાને તપાસ સોંપવામાં આવે તેવી માંગ ખેડૂતોએ કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ધોળકામાં તસ્કરો બોરવેલના વાયરો ચોરી જતાં ચર્ચા શરુ થઈ છે. અને આ મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સીમેજ ગામે માંડણ નામની સીમ વિસ્તારમાં ૭થી વધુ બોરના વીજ વાયરોની ચોરી કરવામાં આવી હતી. એક વર્ષ અગાઉ પણ ધોળકા વિસ્તારમાં તસ્કર ટોળકીએ આતંક મચાવી બોરના વાયરો ચોર્યા હતા. ખેતર માલિકો દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. અને LCB શાખાને તપાસ સોંપવામાં આવે તેવી માંગ ખેડૂતોએ કરી છે.

ધોળકામાં અગાઉની ચોરીમાં પણ આજ દિન સુધી કોઈ પકડાયું નથી આથી ખેડૂતોમાં પોલીસ તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે. હાલમાં જે ચોરી થઈ છે. તે માટે સ્થાનિક પોલીસને જાણ કરતા તેઓ ઘટના સ્થળે આવી પહોંચી હતા. અને તપાસ શરુ કરી હતી. ૭ ઉપરાંત ઓરડીઓના તાળા તોડી વાયરો ચોરી કરી ગયા હોવાનું પ્રકાશમાં આવ્યુ છે. વાયર કાપી ત્યાં જ સળગાવી વાયરનું તાંબુ કાઢવામાં આવ્યુ છે. ખેતરમાં નાખવામાં આવેલા બોરના વાયરો ચોરતી ટોળકીને પકડી પાડવા LCB શાખાને તપાસ સોંપવામાં આવે તેવી ખેડૂતોની માંગ છે.

ધોળકામાં તસ્કરો બોરવેલના વાયરો ચોરતા ખેતર માલિકોને મોટું નુકસાન થઈ રહ્યુ છે. તેઓ ખેતી પાકમાં નુકસાની ભોગવી રહ્યા છે. આ ઉપરાંત પોલીસ પણ કોઈ કડક કાર્યવાહી ન કરતા તેમની સામે રોષ ફેલાઈ રહ્યો છે. આમ, ખેતર માલિકોને નુકસાન થઈ રહ્યુ હોવાથી તેમનામાં નારાજગી જોવા મળી રહી છે. માંડણ ગામની સીમમાંથી ૭ બોરવેલના વાયર ચોરી જતા હવે કોઈ કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવે તે જરુરી છે.

### મણિનગર પોલીસે ફરાર આરોપી સામે ગુનો નોંધ્યો

# LG હોસ્પિટલમાં પોલીસ જાપ્તામાંથી પોક્સોના કેસનો આરોપી ફરાર

## પોક્સો જેવા ગંભીર કેસનો આરોપી પોલીસ જાપ્તામાંથી ફરાર થઇ જતા ઉચ્ચ અધિકારીઓએ ગંભીર નોંધ લીધી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમરાઈવાડી પોલીસ પોક્સોના ગુનામાં ૪ આરોપીને પકડીને મણિનગર સ્થિત એલજી હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ માટે લઈ ગઈ હતી. હોસ્પિટલમાં એક દર્દીનું મોત થતા સંબંધીઓની ભીડ ભેગી થઈ હતી. તે દરમ્યાન ભીડનો લાભ લઈને એક આરોપી પોલીસકર્મીઓની નજરચૂકવી ફરાર થઈ ગયો હતો. આ અંગે હેડ કોન્સ્ટેબલે આરોપી સામે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે અરવિંદભાઈ બબાભાઈ ફરજ બજાવે છે. ૩૧ મેએ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ વાલજી સોલંકી, રમીલા સોલંકી, જયસુખ વાઘેલા, કેસરબેન વાઘેલા સામે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે પોસ્કોના કેસમાં ચારેયની ધરપકડ કરી હતી. ચારેય આરોપીને સ્પેશિયલ પોક્સો કોર્ટમાં રજૂ કરે તે પહેલાં મેડિકલ ચેકઅપ માટે એલજી હોસ્પિટલ લઈ જવાના હતા. તેથી અમરાઈવાડી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટરની મંજૂરી લઈને તમામ આરોપીને લોકઅપની બહાર કાઢ્યા હતા. હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઈ, કોન્સ્ટેબલ સંજય, મહિલા પોલીસ કર્મી હેતલબેન ચારેય આરોપીઓને લઈને સરકારી વાહનમાં એલજી હોસ્પિટલ લઈ ગયા હતા. કોન્સ્ટેબલ સંજયભાઈ વાહન પાર્ક કરવા ગયા ત્યારે અરવિંદભાઈ અને હેતલબેન ચારેય આરોપીને હોસ્પિટલના ટ્રોમાં વોર્ડમાં લઈ ગયા હતા. ડોક્ટર ચારેય આરોપીની તપાસ કરતા હતા અને પોલીસ કર્મીને તેનો બક્કલ નંબર પૂછતા હતા. આ સમયે આરોપી વાલજી ડોક્ટરની બાજુના ટેબલ પર બેઠો હતો અને રમીલા, જયસુખ અને કેસર હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઈની બાજુમાં ઊભા હતા. આ દરમ્યાન હોસ્પિટલમાં એક દર્દીનું મોત થઈ જતા તેમના સંબંધીઓ રડી રહ્યા હતા લોકોની ભીડ થઈ હતી. આ માહોલનો લાભ લઈને આરોપી જયસુખ પોલીસકર્મીઓની નજર ચૂકવી વોર્ડમાંથી બહાર નીકળી ફરાર થઈ ગયો હતો. ભીડ ઓછી થઈ ત્યારે અરવિંદભાઈનું ધ્યાન આરોપીઓ તરફ જતા જયસુખ ગુમ હતો. પોલીસે આસપાસ શોધખોળ કરી પરંતુ તે મળી આવ્યો ન હતો. આ અંગે હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઈએ જયસુખ સામે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે. પોક્સો જેવા ગંભીર કેસનો આરોપી પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ જતા ઉચ્ચ અધિકારીઓએ ગંભીર નોંધ લીધી છે.

# ઉદ્યોગપતિ ગૌતમ અદાણીનો પગાર સાથીદારો કરતાં પણ ઓછો રૂ.૧૦.૪૧ કરોડ

। અમદાવાદ, તા.૧૦ ।



ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણીને ૩૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં કુલ ૧૦.૪૧ કરોડ રૂપિયાનું વેતન મળ્યું છે. આ વેતન મોટાભાગના ઉદ્યોગપતિઓ અને તેમના પોતાના મુખ્ય અધિકારીઓ કરતાં ઓછું છે. અદાણી જૂથના તાજેતરના વાર્ષિક અહેવાલો પ્રમાણે ૬૨ વર્ષીય અદાણીએ પોર્ટ્સ-ટુ-એનર્જી સમૂહમાં નવ લિસ્ટેડ કંપનીઓ પૈકી બેમાંથી પગાર મેળવ્યો હતો. તેમનું કુલ વેતન પાછલા ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષમાં તેમણે કમાયેલા રૂ. ૯.૨૬ કરોડ કરતાં ૧૨ ટકા વધુ હતું. અદાણી જૂથની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ (AEL) તરફથી ૨૦૨૪-૨૫ માટે તેમના વેતનમાં રૂ. ૨.૨૬ કરોડ પગાર અને અન્ય ૨૮ લાખ રૂપિયા લાભો, ભથ્થાં અને અન્ય લાભોનો સમાવેશ થાય છે. AELમાંથી કુલ ૨.૫૪ કરોડ રૂપિયાની કમાણી પાછલા નાણાકીય વર્ષમાં રૂ. ૨.૪૬ કરોડ કરતાં વધુ હતી.

તદુપરાંત તેમણે અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) માંથી રૂ. ૭.૮૭ કરોડ મેળવ્યા જેમાં રૂ. ૧.૮ કરોડ પગાર અને રૂ. ૬.૦૭ કરોડ કમિશન પેટે હતા. ગત વર્ષે ૨૦૨૩-૨૪માં તેમને APSEZ માંથી રૂ. ૬.૮ કરોડ મળ્યા હતા. અદાણીનો પગાર ભારતમાં લગભગ તમામ મોટા પરિવાર-માલિકીના સમૂહોના વડાઓ કરતા ઓછો છે. કોવિડ-૧૯ બાદ સૌથી ધનિક ભારતીય મુકેશ અંબાણીએ પોતાનો સંપૂર્ણ પગાર છોડી દીધો હતો, અગાઉ તેમણે પોતાનું વેતન ૧૫ કરોડ રૂપિયા સુધી મર્યાદિત રાખ્યું હતું, પરંતુ અદાણીનું વેતન ટેલિકોમ ક્ષેત્રના દિગ્ગજ સુનિલ ભારતી મિત્તલ (૨૦૨૩-૨૪માં ૩૨.૨૭ કરોડ રૂપિયા), રાજીવ બજાજ (નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૫૩.૭૫ કરોડ રૂપિયા), પવન મુંજાલ (નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૧૦૯ કરોડ રૂપિયા), એલ એન્ડ ટીના ચેરમેન એસ એન સુબ્રમણ્યમ (નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૭૬.૨૫ કરોડ રૂપિયા) અને ઈન્ફોસિસના સીઈઓ સલિલ એસ પારેખ (નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૮૦.૬૨ કરોડ રૂપિયા) કરતાં ઘણું ઓછું છે.

મિત્તલની ભારતી એરટેલ, મુંજાલની હીરો મોટોકોર્પ અને બજાજ ઓટોના તાજેતરના વાર્ષિક અહેવાલો હજુ સુધી બહાર પાડવામાં આવ્યા નથી. અન્ય પ્રમોટરોની જેમ, અદાણી પણ ગ્રુપ કંપનીઓ દ્વારા દર વર્ષે કમાણી પર ચૂકવવામાં આવતા ડિવિડન્ડમાંથી કમાણી કરે છે.

અદાણીનો પગાર તેમની ગ્રુપ કંપનીઓના ચીફ એક્ઝિક્યુટિવ્સ કરતા પણ ઓછો છે. AEL ના CEO વિનય પ્રકાશને ૬૯.૩૪ કરોડ રૂપિયા મળ્યા હતા. વિનય પ્રકાશના મહેનતાણામાં ૪ કરોડ રૂપિયાનો પગાર અને ૬૫.૩૪ કરોડ રૂપિયા "કંપનીના ખાણકામ સેવાઓ અને સંકલિત સંસાધન વ્યવસ્થાપન વ્યવસાયમાં અસાધારણ કાર્યકારી અને નાણાકીય કામગીરી માટે" લાભો, ભથ્થાં અને ચલ પ્રોત્સાહનોનો સમાવેશ થાય છે.

રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) ના મેનેજિંગ ડિરેક્ટર વિનીત એસ જૈનને નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ૧૧.૨૩ કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે ગ્રુપ CFO જુગેશિંદર સિંહને ૧૦.૪ કરોડ રૂપિયા મળ્યા છે.

અદાણીના પુત્ર કરણને APSEZ તરફથી રૂ. ૭.૦૯ કરોડ મળ્યા હતા, જ્યારે કંપનીના સીઈઓ અશ્વની ગુપ્તાએ રૂ. ૧૦.૩૪ કરોડ કમાયા હતા. વાર્ષિક અહેવાલમાં જણાવાયું છે કે કરણ અને ગુપ્તાના કિસ્સામાં નાણાકીય વર્ષ ૨૫ માટે ચલ પગાર નાણાકીય વર્ષ ૨૬માં ચૂકવવામાં આવશે.

ગૌતમ અદાણીના નાના ભાઈ રાજેશે AEL તરફથી રૂ. ૯.૮૭ કરોડની કમાણી થઈ હતી જ્યારે તેમના ભત્રીજા પ્રણવને રૂ. ૭.૪૫ કરોડ મળ્યા હતા. તેમના બીજા ભત્રીજા સાગરને AGEL તરફથી રૂ. ૭.૫૦ કરોડ મળ્યા હતા. સિટી ગેસ કંપની અદાણી ટોટલ ગેસના સીઈઓ સુરેશ પી મંગલાણીને ૨૦૨૪-૨૫ માટે ૮.૨૧ કરોડ અને અદાણી એનર્જી સોલ્યુશન્સના સીઈઓને ૧૪ કરોડ રૂપિયા પગાર મળ્યો હતો. અદાણી પાવરના સીઈઓ એસબી ખયાલિયાને નાણાકીય વર્ષ ૨૫માં રૂ. ૯.૧૬ કરોડ પગાર મળ્યો હતો. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ મુજબ ૮૨.૫ અબજ ડોલરની સંપત્તિ ધરાવતા ગૌતમ અદાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિના સ્થાન માટે અંબાણી સાથે સ્પર્ધા કરી રહ્યા છે. તેઓ ૨૦૨૨માં એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બન્યા હતા, પરંતુ યુએસ શોર્ટ-સેલર હિન્ડેનબર્ગ રિસર્ચના એક નિંદનીય અહેવાલ પછી તેમણે આ સ્થાન ગુમાવ્યું હતું.

# નોન ઇન્ટરલોકિંગ કાર્ય ના કારણે સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૧૦ ।

ઉત્તર પૂર્વ રેલવે ના ગોંડા-બારાબંકી સેક્સનમાં ત્રીજી લાઈન કમિશનિંગ ના સંબંધમાં નોન ઈન્ટરલોકિંગ કાર્યને કારણે સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે.

**આંશિક રદ કરાયેલી ટ્રેન**

● ૨૬ જૂન અને ૦૩ જુલાઈ ૨૦૨૫ની ટ્રેન સંખ્યા ૧૯૪૦૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ ગોમતી નગર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા ગોમતીનગર-ગોરખપુર વચ્ચે આંશિક નિરસ્ત રહેશે.

● ૨૮ જૂન અને ૦૫ જુલાઈ ૨૦૨૫ની ટ્રેન સંખ્યા ૧૯૪૧૦ ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ ગોમતીનગર થી ઓરિજીનેટ થશે તથા ગોરખપુર-ગોમતીનગર વચ્ચે આંશિક નિરસ્ત રહેશે.

**ડાયવર્ટ કરેલી ટ્રેન**

● ૨૮ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૪૦૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ બારાબંકી-ગોંડા-મનકાપુર ના સ્થાને પરિવર્તિત માર્ગ વાયા બારાબંકી-અયોધ્યા કેંટ-મનકાપુર ના રસ્તે ચાલશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ, અને સંરચના સંબંધિત વિસ્તૃત જાણકારી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે

# જેતપુર શહેરમાં આવેલા મુખ્ય પોસ્ટ ઓફિસમાં સ્ટાફની અછત સર્જાઇ

। (એજન્સી) જેતપુર, તા.૧૦ ।

જેતપુર શહેરમાં આવેલા મુખ્ય પોસ્ટ ઓફિસમાં સ્ટાફની અછત સર્જાઈ છે. જેના કારણે છેલ્લા આઠ દિવસથી પોસ્ટની વિવિધ સ્કીમમના નાણાં ઉપાડી કે ભરી શકાતા નથી. આ અછતથી પેન્શન ધારકો, રોકાણકારો તેમજ એજન્ટો હેરાન થયા છે. ખાતાધારકો ખાતામાં નાણાં હોવા છતા તે ઉપાડી શકતા નથી. જેના કારણે કેટલાક ખાતાધારકોને જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ, દવાઓ ખરીદવામાં મુશ્કેલીઓ પડી રહી છે. વહેલી તકે કેશ કાઉન્ટર ચાલુ નહિ થાય તો કેટલાક ખાતાધારકો વ્યાજના વિષચક્રમાં ફસાવવાની દહેશત સેવી રહ્યા છે.

# SPIPA સેન્ટરમાં UPSCની નિઃશુલ્ક તાલીમ સુવિધા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ગુજરાતના અમદાવાદ સ્થિત સરદાર પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન સેન્ટર ખાતે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC), ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન સહિત વિવિધ સરકારી ભરતીની નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. જેમાં તાલીમ મેળવવા માટે SPIPA દ્વારા એન્ટ્રન્સ એક્ઝામ લેવામાં આવે છે, ત્યારે તાજેતરમાં SPIPA દ્વારા UPSC સિવિલ સર્વિસીઝની યોજાનારી એન્ટ્રન્સ પરીક્ષાને લઈને ઓનલાઈન અરજી મંગાવવામાં આવી રહી છે. જેમાં SPIPA દ્વારા ઓનલાઈન અરજી કરવાની તારીખ લંબાવાઈ છે. અમદાવાદ સ્થિત SPIPA સેન્ટર ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયાર કરતાં ઉમેદવારોને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે, ત્યારે હાલ SPIPAમાં UPSC સિવિલ સર્વિસીઝ પરીક્ષા-૨૦૨૬ તેમજ ગ્રુપ-છ કેન્દ્રીય સેવાઓને લઈને પ્રશિક્ષણવર્ગ ૨૦૨૫-૨૬ માટે Ojas ની ojas.gujarat.gov.in વેબસાઈટ પર ફોર્મ ભરાવવાના શરૂ છે. જેમાં ઉમેદવારો આગામી ૧૫ જૂન સુધી અરજી કરી શકશે. SPIPA ખાતે UPSC સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૬ને લઈને તાલીમ મેળવવા માટે એન્ટ્રન્સ એક્ઝામના ફોર્મ ભરવામાં આવી રહ્યા છે, ત્યારે તેમાં સ્નાતક અથવા કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં ઉમેદવારો અરજી કરી શકશે. જેમાં અરજી કરનાર જનરલ કેટેગરીના ઉમેદવારોએ રૂ.૩૦૦ અને અનામત કેટેગરીના ઉમેદવારોએ ૧૦૦ રૂપિયા અરજી ફી ભરવાની રહેશે.

### બાળપણના દિવસો અને મિત્રોની સ્મૃતિ યાત્રામાં સફર કરાવતી ગુજરાતી ફિલ્મ એટલે 'ગોતી લો'

# વર્ચ્યુઅલ ટચ સ્ક્રીનની દુનિયામાં વ્યસ્ત વર્તમાન પેઢીને દિલના ટચની એક્ચ્યુઅલ દુનિયામાં ડોકિયું કરાવતી પારિવારિક ફિલ્મ 'ગોતી લો' ૨૭મી જૂને થશે રિલીઝ

। અમદાવાદ, તા.૧૦ ।

ફિલ્મની ખાસ વાત એ છે કે, ફિલ્મમાં ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કવિ સ્વ. રમેશ પારેખનું જાણીતું બાળગીત 'હું ને ચંદુ છાનામાના..' રજૂ કરવામાં આવશે : ૨૭મી જૂને રિલીઝ

૨૭મી જુને અષાઢી બીજ, કચ્છી નવું વર્ષ છે. એ દિવસે અમદાવાદમાં જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળશે. અને એ જ દિવસે એક મનોરંજન યાત્રા પણ નીકળશે... સુંદર ગુજરાતી ફિલ્મ રિલીઝ થશે. જેનું નામ છેઃ 'ગોતી લો'.

'ગોતી લો'..કેવું સરસ ગુજરાતી નામ ! આ ફિલ્મના ડિરેક્ટર દીપક અંતાણી છે અને નિર્માતા એમના સેન્ટ લુઈસ, યુએસએ સ્થિત મિત્ર ગૌરાંગ ભાવસાર છે. ફિલ્મમાં દાદાજીના પાત્રમાં રંગભૂમિ અને ફિલ્મોના દિગ્ગજ અભિનેતા પદ્મશ્રી મનોજ જોષી છે. તેમજ માનવ રાવ, મેહુલ બુચ, મકરંદ અન્નપૂર્ણા, દિપેન રાવલ, શ્વેતા રાવલ, જાહ્નવી પટેલ, ભવ્યા શિરોહી, વિશાલ ઠક્કર, રવિ ઓમ પ્રકાશ રાવ, મિતેષ પ્રજાપતિ અને સાત્વી ચોકસી સહિતના કલાકારો છે. બાળ-કલાકાર માનવ રાવ અમેરિકાના અટલાન્ટાનો છે. તેના પાત્રનું નામ ચંદુ છે. આ સાથે પહેલીવાર એવું થશે કે કોઈ નૉન રેસીડન્ટ ગુજરાતી એ ગુજરાતી ફિલ્મમાં મુખ્ય પાત્ર ભજવશે. ફિલ્મના નિર્માતા ગૌરાંગ ભાવસાર અને સહાયક નિર્માતા મૂળ આખેજ ગામના અને અમેરિકા સ્થિત પ્રસાંદ પટેલ છે. ફિલ્મના સ્ક્રીનપ્લે અને ડાયલૉગ રાઈટર અશોક ઉપાધ્યાય છે. સંગીતકાર સમીર માના છે તથા સિનેમેટોગ્રાફર અને ઍડિટર રૂપાંગ આચાર્ય છે. પ્રોડક્શન ડીઝાઈન ફાલ્ગુન ઠાકોરની છે.

'ગોતી લો' ફિલ્મનો વિષય અત્યંત રસપ્રદ છે. તેમાં ત્રણ પેઢી વચ્ચેની વાત છે. પરિવાર તથા સંબંધની વાત છે. આ વિષય પરથી ફિલ્મ બનાવવાનો વિચાર મૂળ ખેડાના ગૌરાંગ ભાવસારને આવ્યો. તેમણે પોતાનો વિચાર, ખાસ મિત્ર દીપક અંતાણી સમક્ષ રજૂ કર્યો. ફિલ્મની વાત ગમી જતા દીપક અંતાણીએ મિત્ર મનોજ જોશીને વાર્તા કહી અને તેમણે તરત જ ફિલ્મમાં કામ કરવાની સંમતિ આપી દીધી. દીપક અંતાણીના નામથી તો સૌ કોઈ પરિચિત છે. રંગભૂમિથી લઈને ટીવી સિરિયલ અને ફિલ્મ ક્ષેત્રે અભિનેતા, દિગ્દર્શક, લેખક તરીકે તેમણે અઢળક કામ કર્યું છે, આ અગાઉ ચાર ફિલ્મોનું સફળ દિગ્દર્શન કરી ચૂક્યા છે. દિગ્દર્શક તરીકેની તેમની આ પાંચમી ફિલ્મ છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં 'ડાયટેશિયન ઓપીડી' સેન્ટર ડાયાબિટીસ, બ્લડપ્રેશર તેમજ હાયપર ટેન્શનના દર્દીઓ માટે બન્યું ઉપકારક


## પ્રાઈવેટ હોસ્પિટલમાં ડાયેટ પ્લાન લેવો હોય તો તેનો ખૂબ મોટો ખર્ચ થતો હોય છે, ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આ સેવા તદ્દન નિઃશુલ્ક અપાય છે

। અમદાવાદ ।

આજના ઝડપી જીવનમાં મેદસ્વિતા (ઓબેસિટી) એક વૈશ્વિક સ્વાસ્થ્ય સમસ્યા બની ગઈ છે. બદલાતી જીવનશૈલી, અસંતુલિત આહાર, શારીરિક નિષ્ક્રિયતા અને તણાવ જેવાં કારણોને લીધે મેદસ્વિતાનું પ્રમાણ વધી રહ્યું છે. આ સ્થિતિ ગંભીર રોગો, જેવાકે, ડાયાબિટીસ, હૃદયરોગ, હાઈ બ્લડપ્રેશર અને સાંધાના દુખાવા જેવી સમસ્યાઓને આમંત્રણ આપે છે. એટલું જ નહીં, ધીરે ધીરે હવે નાનાં બાળકોમાં મેદસ્વિતાનું પ્રમાણ વધી રહ્યું છે, ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનના પગલે સમગ્ર ગુજરાત મેદસ્વિતામુક્ત બને અને નાગરિકો તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે જાગૃત થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશમાંથી મેદસ્વિતા ઘટાડવાના સંકલ્પને સાર્થક કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજ્યમાં આદરેલા મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા નવીન પહેલ હાથ ધરવામાં આવી છે. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની સૂચનાને પગલે અમદાવાદ સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં સ્પેશિયલ 'ડાયટિશિયન ઓપીડી'ની શરૂઆત થઈ છે.

આ અંગે વાત કરતા અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટ શ્રી રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ



ખાતે ૧૨૦૦બેડની હોસ્પિટલ ખાતે ૧૦ મેના રોજ એક નવી પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પહેલના ભાગરૂપે એક 'ડાયટેશિયન ઓપીડી'ની શરૂઆત થઈ છે. અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ દર્દીઓ આ ઓપીડીની મુલાકાત લઈ ચૂક્યા છે.

શ્રી રાકેશ જોષીએ કહ્યું કે, દરેક વ્યક્તિ જે મેદસ્વી છે, તેઓ માટે સિવિલમાં પ્રારંભ કરવામાં આવેલું આ સેન્ટર એક ઉપયોગી સાબિત થશે. એટલું જ નહીં, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હાયપરટેન્શનના દર્દીઓ માટે પણ આ સેન્ટર ઉપયોગી બન્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના દરેક વિભાગમાં આવતા ઓબેસિટીવાળા દર્દી આ સેન્ટરમાં જઈ શકે એવી વ્યવસ્થા પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા ગોઠવવામાં આવી છે. આ સેન્ટરમાં ઓબેસિટીવાળા દર્દીનું બીએમઆઈ ઈન્ડેક્સ નક્કી કરવામાં આવે છે ત્યારબાદ તેને અનુરૂપ એ વ્યક્તિને ડાયેટ પ્લાન આપવામાં આવે છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, સિવિલ હોસ્પિટલમાં મલ્ટીપલ સુપર સ્પેશિયાલિટી ચાલે છે, ત્યારે આ ઓપીડીમાં માત્ર ડાયાબિટીસ, હાયપર ટેન્શન કે પછી ઓબેસિટીના જ દર્દીઓ નહીં પણ જે કોઈ દર્દીને મેજર ઓપરેશન સર્જરી કરાવવાની હોય એની તૈયારીના ભાગરૂપે દર્દીઓને એક-બે મહિના પહેલા ડાયેટ મોડીફાઈ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત અહીં દર્દીના સ્પેસિફિક રોગ માટે એટલે કે કોઈને કિડની ડિસીસ હોય તો તેને કેવા પ્રકારનો ખોરાક લેવો, કેવી રીતે જીવનશૈલીમાં બદલાવ લાવવો તેમજ ખાનપાનની પ્રક્રિયામાં કેવી રીતે મૂળભૂત બદલાવ લાવવો તેનું માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

સુપરિટેન્ડેન્ટ શ્રી રાકેશ જોષીએ કહ્યું કે, કોઈપણ પ્રાઈવેટ હોસ્પિટલમાં ડાયટ પ્લાન લેવો હોય તો તેનો ખૂબ મોટો ખર્ચ થતો હોય છે, ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આ સેવા તદ્દન નિઃશુલ્ક આપવામાં આવે છે અને તમામ માટે ખુલ્લી છે. અહીં આવનારા દરેક દર્દીના ખિસ્સામાં કોઈપણ પ્રકારનું વધારાનું ભારણ પડતું નથી. નાગરિકોને અપિલ કરતા શ્રી રાકેશ જોષીએ કહ્યું કે, આ સેવાનો સૌ કોઈએ અવશ્ય લેવો જોઈએ. કેમ કે અહીં, ડાયટિશિયન દ્વારા સાત્વિક ખોરાક કોને કહેવાય અને જીવનશૈલી અનુરૂપ કેવા પ્રકારનો ખોરાક લેવો જોઈએ તેના વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. જો આપણે જીવનશૈલી અનુરૂપ ખોરાક લઈશું તો મહદઅંશે, મેદસ્વિતા,ડાયાબિટિસ અને બ્લડપ્રેશર કંટ્રોલ કરી શકીશું, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

**દર્દીઓની મેડિકલ હિસ્ટ્રી તપાસી, રિપોર્ટ અનુસાર ડાયેટ પ્લાન આપીએ છીએ**

આ ઓપીડીમાં મેદસ્વિતા ઘટાડવાના આશય સાથે એનસીડી ધરાવતા દર્દીઓ, કુપોષિત બાળક તથા ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને નિષ્ણાત ડાયેટિશિયન દ્વારા યોગ્ય આહારની માર્ગદર્શિકા અને વ્યક્તિગત ડાયેટ પ્લાન આપવામાં આવે છે. આ સાથે બીએમઆઈ (બાડી માસ ઈન્ડેક્સ) ઘટાડવા સંદર્ભે પણ યોગ્ય માર્ગદર્શન અપાય છે.

આ સેવા દર્દીઓને તેમના આરોગ્યને સુધારવામાં, ઊર્જા વધારવામાં અને સંતુલિત જીવનશૈલી તરફ માર્ગદર્શન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અહીં આવાતા મોટાભાગના દર્દીઓ વજન વધી ગયુ છે એ સમસ્યા લઈને આવે છે. ત્યારે અમે સૌપ્રથમ જે-તે દર્દીની મેડિકલ હિસ્ટ્રી જાણીએ છીએ.

દર્દીઓના જરૂરી રિપોર્ટ કરાવીએ છીએ. ત્યારબાદ રિપોર્ટ અનુસાર એ દર્દીને ડાયટ પ્લાન આપતા હોઈએ છીએ. સામાન્ય રીતે બાળકોમાં એનેમિયા વધારે જોવા મળે છે અને આવા બાળકોનું વજન ખૂબ ઓછું હોય છે. ત્યારે આવા બાળકોનું વજન કેવી રીતે વધે એ અનુરૂપ ડાયેટ પ્લાન આપીએ છીએ. આમાં પણ ખાસ કરીને પ્રોટીન, ફાયબર અને આર્યન પૂરતા પ્રમાણમાં મળે એ ધ્યાનમાં રાખીને ડાયટ પ્લાન આપતા હોઈએ છીએ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### ભારતે વધુ ૪ યુરોપિયન દેશો સાથે ફ્રી ટ્રેડ કરાર પર હસ્તાક્ષર કર્યા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**

યુકે બાદ ભારતે હવે વધુ ૪ યુરોપિયન દેશો સાથે ફ્રી ટ્રેડ કરાર (FTA) પર હસ્તાક્ષર કર્યા છે. આ બધા દેશો સાથે હવે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સપ્ટેમ્બરથી અમલમાં આવશે, રિપોર્ટ પ્રમાણે આ કરાર પછી સ્વિટ્ઝર્લેન્ડથી લગભગ ૯૪ ટકા માલ પર કોઈ આયાત શુલ્ક રહેશે નહીં અને જો બાકીના ૪ દેશોનો સમાવેશ કરવામાં આવે તો ભારતમાં ૮૫ ટકાથી વધુ માલ કોઈ ઈમ્પોર્ટ ડ્યૂટી નહીં લાગે. એટલે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, તેનો અર્થ એ થયો કે હવે તમને સ્વિસ ઘડિયાળો અને ચોકલેટ જેવા માલ સસ્તા ભાવે મળશે. હાલમાં ભારત સ્વિસ ચોકલેટ પર ૩૦ ટકા ડ્યુટી લાદે છે. જો આ કરાર થાય છે, તો આ ચાર્જ હટી જશે. યુરોપના જે ૪ દેશો સાથે આ કરાર પર એગ્રીમેન્ટ કરવામાં આવ્યા છે, તેમાં સ્વિત્ઝરલૅન્ડ, નોર્વે, આઈસલેન્ડ અને લિક્ટેનસ્ટેઈનનો સમાવેશ થાય છે. આ કરાર કરવાથી ઉચ્ચ કક્ષાની ટેકનોલોજી ધરાવતા ક્ષેત્રોને સૌથી વધુ ફાયદો થશે, જેમાં મોટા રોકાણો આવી શકે છે. તે મોટી વાત છે કે દેશમાં ટેકનોલોજી મોટા પ્રમાણમાં ટ્રાન્સફર કરવામાં આવશે. વિદેશી ફાર્મા કંપનીઓ ભારતમાં મોટા પ્રમાણમાં રોકાણ કરી શકે છે. આ કરાર દ્વારા IT ક્ષેત્રમાં પણ મોટા રોકાણની સંભાવના છે.

### પતિ અને પત્ની વચ્ચે લડાઈ રેલવે ટ્રેક સુધી પહોંચી ગઈ

**। (એજન્સી) ગ્વાલિયર, તા.૧૦ ।**

પતિ અને પત્ની વચ્ચે હંમેશા નાના-મોટા ઝઘડા તો તમે સાંભળ્યા હશે, પણ ક્યારેક ક્યારેક આ ઝઘડા ખૂબ જ વધી જતા હોય છે. ઘણી વાર સંબંધો તૂટવાની અણી સુધી પહોંચી જતા હોય છે. આવો જ એક કિસ્સો મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાંથી સામે આવ્યો છે. અહીં એક પતિ અને પત્ની વચ્ચે લડાઈ રેલવે ટ્રેક સુધી પહોંચી ગઈ. હકીકતમાં જોઈએ તો, પતિએ પોતાની પત્નીને તેના ભાઈ અને ભાભી સામે ગુસ્સે થયો. પત્નીને આ વાત સહન થઈ નહીં. બીજા દિવસે પત્નીએ પતિને આ હરકત માટે ટોક્યો. સમજાવ્યો કે આવું વર્તન ઠીક નથી, જોકે વાત સમજવાની જગ્યાએ પતિ ફરીથી ગુસ્સે થઈ ગયો. તેણે ફરી વાર પત્ની પર ગુસ્સો કર્યો, જેમ તેમ બોલવા લાગ્યો. પછી પત્નીએ કંઈક એવું કર્યું, જેનાથી પતિના પણ હોશ ઉડી ગયા. પત્નીએ પતિને સમજાવવાની કોશિશ કરી, તેણે જણાવ્યું કે આવી રીતે કોઈની સામે ઉતારી પાડવા ઠીક નથી. જોકે પતિ વાતને સમજવાની જગ્યાએ વધારે ભડકી ગયો. પછી તેણે પત્ની સાથે ઝઘડો કર્યો. એટલું જ નહીં, પતિએ ઘરમાં ભારે તોડફોડ કરી.

કાશીમાં નકલી પૂજારીઓનો રાફડો ફાટ્યા

# કાશીમાં શ્રદ્ધાળુઓને લૂંટતા ૨૧ પૂજારીઓની પોલીસે ધરપકડ કરી

**। (એજન્સી) વારાણસી, તા.૧૦ ।**

કાશીમાં બાબા વિશ્વનાથના ભક્તો સાથે છેતરપિંડીનો મોટો કિસ્સો સામે આવ્યો છે. કાશી વિશ્વનાથ મંદિર બહાર ખુદને પૂજારી ગણાવીને શ્રદ્ધાળુઓ પાસેથી રૂપિયા પડાવતા ૨૧ નકલી પૂજારીઓની પોલીસે ધરપકડ કરી છે. આ લોકો મંદિરમાં ગેરકાયદેસર રીતે દર્શન કરાવવા અને પ્રસાદ લોકરના નામ પર છેતરપિંડી કરતા હતા.

આ મામલાનો ખુલાસો ત્યારે થયો જ્યારે કેટલાય શ્રદ્ધાળુઓ આ કથિત પૂજારીઓની આવી હરકત વિશે પોલીસમાં ફરિયાદ કરી. દશાશ્વમેઘ એસીપી અતુલ અંજાનના



નેતૃત્વમાં બનાવેલી ટીમે ખાસ પ્લાન બનાવી વારાણસીના દશાશ્વમેઘ અને ચૌક પોલીસ સ્ટેશન વિસ્તારના સંયુક્ત અભિયાનમાં ૨૧ નકલી પૂજારીઓને રંગે હાથ પકડી લીધા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ નકલી પૂજારી ખુદને મંદિરથી અધિકૃત બતાવીને સુલભ દર્શનનો દાવો કરતા હતા અને વ્યક્તિદીઠ ૫૦૦થી ૧૦૦૦ રૂપિયા વસૂલતા હતા. પૈસા લીધા બાદ તેઓ શ્રદ્ધાળુઓને મંદિર પરિસર તરફ લઈ જવાનો દેખાડો કરતા અને પછી કોઈ ગલીમાં છોડીને ગાયબ થઈ જતા હતા.

ધરપકડ થયેલા તમામ નકલી પૂજારીઓ બહારથી આવેલા હતા અને ખુદને કાશીના પુરોહિત ગણાવીને ભોળા શ્રદ્ધાળુઓને ટાર્ગેટ બનાવતા હતા. પોલીસ હવે તેમની સાથે પૂછપરછ કરી એ જાણવાની કોશિશ કરી રહી છે કે આ ટોળકીમાં બીજું કોણ કોણ સામેલ છે. પોલીસે શ્રદ્ધાળુઓને અપીલ કરી છે કે, તેઓ ખાલી સત્તાવાર વ્યવસ્થા દ્વારા જ દર્શન કરે, કોઈની વાતમાં આવીને પૈસા ખર્ચવા નહીં.

ભાજપ સાંસદે કરી માંગ

# અલીગઢના દાઉદ ખાં રેલવે સ્ટેશનનું નામ બદલવાની માંગ કરવામાં આવી

**। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૧૦ ।**

ઉત્તર પ્રદેશના અલીગઢ લોકસભાના ભાજપના સાંસદ સતીશ ગૌતમે અલીગઢના દાઉદ ખાં રેલ્વે સ્ટેનનું નામ બદલવાની માંગ કરી છે. તેમણે દાઉદ ખાં રેલ્વે સ્ટેશનનું નામ મહારાણા પ્રતાપ રેલ્વે સ્ટેશન રાખવાની માંગ કરી છે અને એક પત્ર લખીને રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવીને અપીલ કરી છે. દાઉદ ઈબ્રાહિમ ડોન માફિયા છે. તે ૧૯૭૦ માં મુંબઈમાં ડી-કંપની નામથી પોતાની ગેંગ ચલાવતો હતો. ઈબ્રાહીમ હત્યા, વસૂલખોરી, ડ્રગ્સ, ચોરી અને આતંકવાદ સહિત ઘણા કેસમાં વોન્ટેડ આરોપી જાહેર કરાયો છે. મોદી સરકાર અને યોગી સરકાર




દ્વારા ઉત્તર પ્રદેશમાં મુઘલ શાશકોના નામ બદલીને તેની જગ્યાએ હીંદુ શાસકોના નામ રાખવાનો સિલસોલો હજી શરૂ છે. જુલાઈ ૨૦૨૩માં જ ત્રણ શહેરોના નામ બદલામાં આવ્યા હતા. મહારાષ્ટ્રના અહમદ નગરનું નામ બદલીને હવે અહલ્યાબાઈ હોલ્કરના નામ પર અહલ્યા નગર કરી દેવાયું છે. આ પહેલા ઔરંગાબાદને છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદને ધારાશિવ નગર કરી દેવામાં આવ્યું હતું. ઉત્તર પ્રદેશના અલીગઢ લોકસભાના ભાજપના સાંસદ સતીશ ગૌતમે ભાજપના સાંસદ સતીષ ગૌતમને અલીગઢ દાઉદ ખાં રેલ્વે સ્ટોશનનું નામ બદલીને રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવીને મહારાણા પ્રતાપ રાખવાની પત્ર લખીને માંગ કરી છે. તેમણે આ અંતર્ગત પત્રમાં જણાવ્યું હતું કે અલીગઢમાં દાઉદ ખાં નામનું એક રેલ્વે સ્ટેશન છે. દાઉદ ખાંનો કોઈ ઈતિહાસ નથી. જો કે દાઉદ એક એવું નામ છે જે આતંકવાદ સાથે જોડાયેલું છે. આ દાઉદે દેશમાં ઘણા આતંકવાદી હુમલાઓ કર્યા છે અને અનેકોના જીવ લીધા છે.



ગુરુગ્રામમાં દિલ્હી-ગુરુગ્રામ એક્સપ્રેસ વે પર ટ્રાફિક જામમાં ફસાયેલા વાહનો.

## Ghibli ફોટોના લીધે સૌથી વધુ આકર્ષણ અને ચર્ચાસ્પદ બનેલા ChatGPT નું સર્વર ડાઉન

### દુનિયાભરમાં ડાઉન : લોગિન ઠપ - ઘીબલી ફોટો બનવાના બંધ

**। નવી દિલ્હી, તા.૧૦ ।**

સોશિયલ મીડિયામાં Ghibli ફોટોના લીધે સૌથી વધુ આકર્ષણ અને ચર્ચાસ્પદ બનેલા ChatGPT નું સર્વર ડાઉન થઈ ગયુ છે. ઓનલાઈન Usersની ફરિયાદ કરી રહ્યા છે. ChatGPTમાં લૉગિન થવામાં સમસ્યા થાય છે અને બાકીની સર્વિસ પણ ઠપ થઈ છે. ખાસ તો Ghibli photo બનતા નથી. 84 % users ને અસર થઈ છે. ઓનલાઈન ChatGPT સર્વિસ બંધ થઈ છે. સેમ આલટમેનના ChatGPTની હાલત અચાનક કેમ ખરાબ થઈ ગઈ છે એવા




સવાલ `જીજિ કરી રહ્યા છે. તમામ સેવાઓ બંધ થઈ ગઈ છે. કેટલાક કલાકોથી આ સમસ્યા ઉભી થઈ છે. Dawnd[a]ector ના અહેવાલ મુજબ ૮૪% ઓનલાઈન યુઝર્સ પરેશાનીમાં મુકાયા છે. લૉગિન થયેલા ૧૨ ટકા યુઝર્સને સમસ્યાઓ ઉભી થઈ છે. Ghibli photo જનરેટ થતા નથી તેવી ફરિયાદો પણ ઉભી થઈ છે.

# કેરળના સમુદ્ર તટની પાસે કાર્ગો શિપમાં વિસ્ફોટ બાદ આગ લાગી

### ભારતીય તટરક્ષક બળ (ICG)એ તરતજ રાહત-બચાવ કાર્ય માટે ઓપરેશન શરૂ કરી દીધુ

**। (એજન્સી) કેરળ, તા.૧૦ ।**

કેરળના તટની પાસે કાર્ગો શિપ માં વિસ્ફોટ બાદ આગ લાગી હકી, સતત ૩ દિવસથી આ આગ પર કાબૂ લેવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આ અગ્નિકાંડના કારણે મોટુ નુકસાન થયુ છે ૨૨ ક્રૂ મેમ્બરમાંથી ૧૮ના દીલધડક રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. ૪ ક્રૂ હજુ ગુમ છે. આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ અવીરત ચાલી રહ્યો છે. સતત રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહી છે. આ મામલે ભારતીય તટરક્ષકે વધારે માહિતી આપી છે.



ભારતીય તટરક્ષકે મંગળવારે કહ્યુ કે મિડ શિપ લઈને એકોમોડેશન બ્લોકની આગળ કન્ટેનર સુધી આગથી વિસ્ફોટ થઈ રહ્યા છે. દૂર દૂર સુધી પ્રચંડ વિસ્ફોટનો અવાજ આવી રહ્યો છે. ફોવર્ડ બેમાં લાગેલી આગ હવે નિયંત્રણમાં છે. જો કે સતત ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા છે. શિપ બંદરગાહ ૧૦થી ૧૫ ડિગ્રી ઝુકી ગયુ છે. સાથે સાથે શિપની તરફ કટેનર સમુદ્રમાં પડવાની સુચના મળી છે. આ શિપ શ્રીલંકાના કોલંબોથી મુંબઈ ન્હાવા શેવા પોર્ટ જઈ રહી હતી અને તેમાં ૨૨ ક્રૂ મેમ્બર સવાર હતા. વિસ્ફોટના બાદ ભારતીય તટરક્ષક બળને સંકટનો સંકેત મળતા જ તાત્કાલીક બચાવ કાર્ય શરૂ કરી દીધુ હતુ. INS સૂરતે આ રાફ્ટથી ૧૮ લોકોના જીવ બચાવ્યા છે. સોમવાર સાંજ સુધીમા તેમને મેંગલોર પોર્ટ પહોંચાડવામાં આવ્યા છે.

રશિયા તરફથી યુક્રેન પર એક પછી એક હુમલાઓ ચાલુ છે

# રશિયાએ યુક્રેનના બે શહેરો પર ફરી ડ્રોન-મિસાઈલથી કર્યો હુમલો

### રશિયા તરફથી કરવામાં આવેલા આ હુમલામાં બે લોકોના મોત થયા છે અને અન્ય ૧૩ લોકો પણ ઘાયલ થયા છે

**। (એજન્સી) રશિયા, તા.૧૦ ।**

રશિયા તરફથી યુક્રેન પર એક પછી એક હુમલાઓ ચાલુ છે. રશિયાના હુમલાઓએ યુક્રેનને હચમચાવી નાખ્યું છે. રશિયાએ મંગળવારે બપોરે ફરી એક વખત યુક્રેનના બે શહેરો પર મોટી સંખ્યામાં ડ્રોન અને મિસાઈલથી હુમલો કર્યો છે. રશિયા તરફથી કરવામાં આવેલા આ હુમલામાં બે લોકોના મોત થયા છે અને અન્ય ૧૩ લોકો ઘાયલ થયા



છે. યુક્રેનના અધિકારીઓએ રશિયાના હુમલા વિશે જાણકારી આપી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોમોદિમીર જેલેસ્કીએ એક નિવેદનમાં હુમલાને યુદ્ધ દરમિયાન અત્યાર સુધીના સૌથી મોટા હુમલામાંથી એક ગણાવ્યું છે. તેમણે કહ્યું હતું કે રશિયાએ રાતે ૩૧૫ ડ્રોન અને સાત મિસાઈલથી એટેક કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ડ્રોનમાં મોટા ભાગે શહીદ ડ્રોન હતા. જેલેસ્કીએ આ હુમલાને જોતા અમેરિકા અને યુરોપ પાસે કડક કાર્યવાહીની માંગ કરી છે. ઓલેહ કીપરે જણાવ્યું હતું કે હુમલામાં દક્ષિણી બંદર શહેરના કેન્દ્રમાં આવેલ એક પ્રસૃતિ હોસ્પિટલ અને આવાસીય ઈમારતોને નુકસાન પહોંચ્યું છે.

પાકિસ્તાન પર દેવાનો બોજ વધી રહ્યો છે

# પાકિસ્તાન પર દેવાનો બોજ વધીને ૭૬૦૦૦ અબજ પાક.ની રૂપિયા થયો

### લાંબા સમયથી આર્થિક સંકટ સામે ઝઝૂમી રહેલા પાક.ની સ્થિતિ બધી બાહ્ય મદદ પછી પણ એવી જ છે

**। (એજન્સી) પાકિસ્તાન, તા.૧૦ ।**

પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ, વિશ્વ બેંક, ADB પાસેથી ચીનને લોન લઈને ધમકીઓ આપતું રહે છે, પરંતુ તેની સ્થિતિ ખરાબ રહે છે. પાકિસ્તાન દેવાના તાજેતરના ડેટા જોઈને આનો અંદાજ લગાવી શકાય છે, જે પાકિસ્તાનના અર્થતંત્રમાં કટોકટીની સાક્ષી આપે છે. હા, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પાકિસ્તાની આર્થિક સમીક્ષાનો અહેવાલ ગરીબ પાકિસ્તાન માટે આંચકો સમાન આવ્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં પાકિસ્તાનનું દેવું હવે ૭૬,૦૦૦ અબજ પાકિસ્તાની રૂપિયા થઈ ગયું છે. દેવાના આ પર્વતને કારણે અર્થતંત્રનો દર પણ ૨.૭% રહેવાનો અંદાજ છે. લાંબા સમયથી આર્થિક સંકટ સામે ઝઝૂમી રહેલા પાકિસ્તાનની સ્થિતિ બધી બાહ્ય મદદ પછી પણ એવી જ છે, જ્યારે આ મદદ પાકિસ્તાન દેવાના પર્વતને વધુ મોટો બનાવી રહી છે. જોકે, સોમવારે આર્થિક સર્વે ૨૦૨૪-૨૫ રજૂ કરનારા નાણામંત્રી મુહમ્મદ ઔરંગઝેબે જણાવ્યું હતું કે પાકિસ્તાનનું અર્થતંત્ર છેલ્લા બે વર્ષથી રિકવરીના માર્ગે છે અને ચાલુ નાણાકીય વર્ષમાં આ પ્રક્રિયા વધુ સ્થિર અને મજબૂત બની છે. સમીક્ષા મુજબ, રોકડની તંગીનો સામનો કરી રહેલી પાકિસ્તાનની અર્થવ્યવસ્થા આ વર્ષે ૨.૭ ટકાના દરે વૃદ્ધિ પામી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૨૩માં જીડીપી વૃદ્ધિ (PAK GDP Growth) -૦.૨% હતી, જે ૨૦૨૪માં વધીને ૨.૫% થઈ ગઈ છે. દેવાના બોજ વચ્ચે પણ, ઔરંગઝેબે આશા વ્યક્ત કરી છે કે આગામી નાણાકીય વર્ષ પરિવર્તનની વાર્તા હશે. પાકિસ્તાનના આર્થિક સર્વે મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં જે લોનનો આંકડો વધીને ૭૬,૦૦૦ અબજ પાકિસ્તાની રૂપિયા થયો છે.

અમેરિકાના હસ્તક્ષેપને લઈને કર્યો ચોંકાવનારો દાવો

# આતંકવાદીઓ વધવા માટે અમેરિકા જ જવાબદાર: પાકિસ્તાને ડોનાલ્ડ ટ્રમ્પ પર ઢોળ્યો દોષનો ટોપલો

### પોતાના નિવેદનમાં તેમણે અફઘાનિસ્તાનને લઈને અમેરિકાના એ નિર્ણય તરફ ઈશારો કર્યો, જે ૨૦૨૦માં ડોનાલ્ડ ટ્રમ્પે લાગુ કર્યો હતો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**

ઓપરેશન સિંદૂર બાદ અમેરિકામાં પોતાના દેશનો પક્ષ મૂકવા પહોંચેલા પાકિસ્તાની પીપુલ્સ પાર્ટીના નેતા બિલાવલ ભુટ્ટોએ અમેરિકન નીતિ પર જ સવાલ ઊભા કર્યા છે. તેમણે કહ્યું કે, 'પાકિસ્તાનમાં આતંકવાદની ઘટનામાં વધારા માટે અમેરિકા જવાબદાર છે. પોતાના નિવેદનમાં તેમણે અફઘાનિસ્તાનને લઈને અમેરિકાના એ નિર્ણય તરફ ઈશારો કર્યો, જે ૨૦૨૦માં ડોનાલ્ડ ટ્રમ્પે લાગુ કર્યો હતો. બિલાવલ ભૂટ્ટોએ કહ્યું કે, 'જે પ્રકારે અમેરિકા અફઘાનિસ્તાનમાંથી ઉતાવળમાં બહાર નીકળ્યું, તે દરમિયાન અનેક સંવેદનશીલ હથિયાર અફઘાનિસ્તાનમાં છૂટી ગયા હતા. તેમનો દાવો છે કે, આ હથિયાર હવે આતંકી સમૂહોના હાથે લાગી ગયા અને આંતકીઓ આ હથિયારનો ઉપયોગ પાકિસ્તાન સામે કરી રહ્યા છે. જેનાથી પાકિસ્તાનને ઘણું નુકસાન વેઠવું પડી રહ્યું છે.' પહલગામ આતંકી હુમલા બાદ



ભારતની જવાબી કાર્યવાહીમાં શરૂ થયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને અમેરિકાના હસ્તક્ષેપને લઈને મોટા દાવા કર્યા છે. પરંતુ, બિલાવલ ભુટ્ટો હવે દક્ષિણ એશિયામાં અમેરિકાની નીતિ પર સવાલ ઊભા કરે છે. તેમણે કહ્યું કે, 'અમે આતંકવાદ વિશે વાત કરીએ છીએ, અમે અફઘાનિસ્તાન વિશે વાત કરીએ છીએ, અમે અન્ય વસ્તુઓ વિશે વાત કરીએ છીએ. આ વિષય પર અમે પોતાના સંબંધોને છેલ્લાં થોડા દાયકાઓમાં ચર્ચા કરી. આ એવા મુદ્દા છે જે સંયુક્ત રાજ્ય અમેરિકા સાથે પાકિસ્તાનના સંબંધો પર ભારે પડે છે.' PPP અધ્યક્ષે આતંકવાદનો મુકાબલો કરવા માટે વધુ ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય સહયોગ પર ભાર મૂક્યો. પરંતુ, પોતાની આદત અનુસાર બિલાવલે આ મુદ્દાને ન ઉઠાવ્યો કે, આ આખાય વિસ્તારમાં આતંકવાદને પોસવામાં કોનો ભાગ છે? બિલાવલે પાડોશમાં ઈસ્લામી આતંકવાદને વધારવા માટે પાકિસ્તાનની ભૂમિકાને સ્વીકાર નથી કરી. બિલાવલને એ વાત યાદ રહી કે, અફઘાનિસ્તાનમાં રહી ગયેલા અમેરિકાના હથિયાર પાકિસ્તાનાં કેવી રીતે જોવા મળે છે. પરંતુ, તેમણે એ મુદ્દે કંઈ ન કહ્યું કે, કેવી રીતે એક સમયે પાકિસ્તાને અમેરિકન ડૉલરની લાલચમાં અફઘાન મુજાહિદીનને મદદ કરી હતી. બિલાવલે કહ્યું કે, 'અમને કાબુલથી અમેરિકન સેનાઓથી નીકળ્યા બાદ વધેલા આતંકવાદનો સામનો કરવા માટે ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર વધુ સહયોગની જરૂર છે. જ્યાં સુધી હથિયારોનો સવાલ છે, તમને એ સાંભળીને આશ્ચર્ય થશે કે ક્યારેક જ્યારે આપણે પાકિસ્તાની પ્રદેશમાં આ આતંકવાદી જૂથો સામે લડી રહ્યા છીએ,

કેલિફોર્નિયાના રસ્તાઓ પર ૭૦૦ મરીન તૈનાત

# યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેલિફોર્નિયા વચ્ચે તણાવ વધ્યો

**। (એજન્સી) યુએસ, તા.૧૦ ।**

સોમવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેલિફોર્નિયા વચ્ચે તણાવ વધુ વધ્યો, જ્યારે પેન્ટાગોને ચાલુ ઈમિગ્રેશન વિરોધનો જવાબ આપતા નેશનલ ગાર્ડ સૈનિકોને મદદ કરવા માટે લોસ એન્જલસ શહેરમાં લગભગ ૭૦૦ સૈનિકો તૈનાત કર્યા. દરમિયાન, કેલિફોર્નિયાએ ફેડરલ તૈનાત પર ટ્રમ્પ વહીવટીતંત્ર પર દાવો કરવાની તૈયારી કરી, જ્યારે શહેરમાં સતત ચોથા દિવસે વિરોધ ચાલુ રહ્યો. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર, 'નેશનલ ગાર્ડ'ના કર્મચારીઓ લોસ એન્જલસમાં પહોંચવાનું શરૂ કરી દીધું છે જેથી આ વિસ્તારમાં દેશનિકાલ ઝુંબેશ ચલાવતા ફેડરલ ઈમિગ્રેશન અધિકારીઓ સામે તાજેતરના વિરોધને અટકાવી શકાય. કેલિફોર્નિયા નેશનલ ગાર્ડના સભ્યો રવિવારે લોસ એન્જલસના ફેડરલ સંકુલમાં પ્રવેશતા જોવા મળ્યા, જેમાં મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરનો પણ સમાવેશ થાય છે, જ્યાં છેલ્લા બે દિવસમાં અથડામણો થઈ છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૧૨ આફ્રિકન અને પશ્ચિમ એશિયાઈ દેશોના નાગરિકો દ્વારા યુએસ મુસાફરી પર લાદવામાં આવેલા નવા પ્રતિબંધો સોમવારથી અમલમાં આવ્યા. બુધવારે રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર કરાયેલા નવા આદેશમાં સાત વધારાના દેશોના લોકો પર પણ નવા મુસાફરી પ્રતિબંધો લાદવામાં આવ્યા છે જેઓ અમેરિકાની બહાર છે અને જેમની પાસે માન્ય વિઝા નથી. નવા પ્રતિબંધમાં પહેલાથી જારી કરાયેલા વિઝા રદ કરવામાં આવ્યા નથી. જે દેશોમાં આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે તેમાં અફઘાનિસ્તાન, મ્યાનમાર, ચાડ, કોંગો રિપબ્લિક, ઈક્વેટોરિયલ ગિની, એરિટ્રિયા, હૈતી, ઈરાન, લિબિયા, સોમાલિયા, સુદાન અને યમનનો સમાવેશ થાય છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**સામગ્રીના પુરવઠા માટે ઇ-ટેન્ડર**

ભારતના રાષ્ટ્રપતિ વતી DY.CMM - સાબરમતી, પશ્ચિમ રેલવે સામગ્રીના પુરવઠા માટે નીચેના ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: **ટેન્ડર નં.: 71255146A સામગ્રીનું સંક્ષિપ્ત વર્ણન:** શોક એબ્સોર્બર [પાર્ટ નંબર: - WN63.01ZD5,7KN] મેક: લેસર, એસ્કોર્ટ્સ. **માત્રા: 245 ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 03/07/2025 સવારે 11.00 વાગ્યે **ઈએમડી રકમ:** રૂ.1,10,200/- ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર ટેન્ડર સૂચના અંગે, કૃપા કરીને **વેબસાઇટની મુલાકાત લો: www.ireps.gov.in.** મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 069

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# રક્ષા ક્ષેત્રે દૃષ્ટાંત બનતી ખાનગી કંપનીઓ

તાજેતરમાં જ વાયુસેના પ્રમુખ એપી સિંહે જાહેર ક્ષેત્રનાં સાહસો દ્વારા રક્ષા સામગ્રી પૂરી પાડવામાં થતા વિલંબનો મુદ્દો ઉઠાવ્યો હતો. આવા સ્વર પહેલાં પણ ઉઠતા રહ્યા છે. જોકે કેટલાક દિવસ પહેલાં 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ઓપરેશન સિંદૂરની સફળતા સ્વદેશી હથિયારોની ક્ષમતા અને મેક ઈન ઈન્ડિયા ટેકનિકના મહત્ત્વને રેખાંકિત કરે છે. રક્ષા મંત્રી પણ રક્ષા ઉત્પાદનમાં ખાનગી ક્ષેત્રની વ્યાપક ભૂમિકાની વાત કહી ચૂક્યા છે. તેમાં શંકા નહીં કે ૨૦૧૮થી જ ભારતીય રક્ષા ઉત્પાદન ઉદ્યોગ તેજીથી વધ્યો છે, પરંતુ તેમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી અપેક્ષાકૃત સીમિત રહી છે. આ જ યોગ્ય સમય છે કે તેનો દાયરો વધારવામાં આવે. અમેરિકા આધુનિક સૈન્ય-ઔદ્યોગિક જુગલબંધીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. એવું મુખ્ય રૂપે ખાનગી ક્ષેત્રની મહેરબાનીતી છે. એક સમયે અમેરિકાની લશ્કરી જરૂરિયાતોની પૂર્તિ સરકારી ઉદ્યમોથી થતી હતી. લગભગ ૯૮ ટકા નૌસૈનિક જહાજ સરકારી યાર્ડમાં બનતાં હતાં અને મુખ્ય રક્ષા ટેકનિક મુખ્યત્વે બ્રિટનથી આયાત થતી હતી. ૧૯મી સદીના આખરી સમયમાં ખાગની કંપનીઓના આ ક્ષેત્રમાં આગમને ત્યાં રક્ષા ઉત્પાદનનાં સમગ્ર સમીકરણો બદલી નાખ્યાં.

## કેન્દ્રીય વાણિજ્ય અનઉદ્યોગ મંત્રીએ ભારત-સ્વિટ્ઝર્લેન્ડ આર્થિક ભાગીદારીને મજબૂત બનાવવા માટે સ્વિસ ઉદ્યોગ સાથે વાતચીત કરી

### કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલે હેલ્થકેર, સંરક્ષણ, પ્રિસિઝન એન્જિનિયરિંગ અને ઉભરતી ટેકનોલોજીઓ પર સ્વિસ ઉદ્યોગ રાઉન્ડ ટેબલની અધ્યક્ષતા કરી

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે ૯ જૂન ૨૦૨૫ના રોજ સ્વિટ્ઝર્લેન્ડના બર્નમાં સ્વિસ ઉદ્યોગના નેતાઓ સાથે વ્યાપક બેઠકો યોજી હતી. જેનો ઉદ્દેશ્ય ભારત અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) વચ્ચે તાજેતરમાં હસ્તાક્ષરિત વેપાર અને આર્થિક ભાગીદારી કરાર (TEPA) હેઠળ આર્થિક સહયોગને વધુ ગાઢ બનાવવા અને નવા માર્ગો શોધવાનો હતો.

મંત્રીએ વિવિધ ક્ષેત્રોની અનેક અગ્રણી સ્વિસ કંપનીઓના નેતૃત્વને મળ્યા અને ભારતીય અને સ્વિસ સાહસો વચ્ચે સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જેમાં નવીનતા, ટેકનોલોજી ટ્રાન્સફર અને ટકાઉ ઉત્પાદન પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. મંત્રીએ સ્વિસ કંપનીઓને ભારતમાં તેમનો વ્યાપ વિસ્તારવા અને દેશના ગતિશીલ અને ઝડપથી વિકસતા બજારનો લાભ લેવા માટે ઉષ્માભર્યું આમંત્રણ આપ્યું હતું.

ગોયલે પારદર્શક નિયમનકારી પ્રક્રિયાઓ, મજબૂત બૌદ્ધિક સંપદા શાસન અને રોકાણ-લક્ષી નીતિ માળખા દ્વારા અનુકૂળ વ્યવસાયિક વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે ભારતના નેતૃત્વની અતૂટ પ્રતિબદ્ધતાની ખાતરી આપી હતી. તેમણે સ્વિસ વ્યવસાયોને ભારતને માત્ર એક બજાર તરીકે જ નહીં, પરંતુ ઉત્પાદન, પ્રતિભા અને નવીનતા માટે વ્યૂહાત્મક કેન્દ્ર તરીકે જોવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ વ્યૂહાત્મક ચર્ચાઓ પછી, મંત્રીએ સ્વિસ ઉદ્યોગના ક્ષેત્રીય નેતાઓ સાથે બે કેન્દ્રિત રાઉન્ડટેબલ બેઠકોની અધ્યક્ષતા કરી હતી, જેમાં બાયોટેક અને ફાર્મા, આરોગ્યસંભાળ અને સટીક એન્જિનિયરિંગ, સંરક્ષણ અને ઉભરતી ટેકનોલોજીઓનો સમાવેશ થાય છે. સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીય દૂતાવાસના સહયોગથી આયોજિત, આ સત્રોમાં ભારતના સ્કેલ, શક્તિઓ અને ઉભરતી નવીનતા ઈકોસિસ્ટમ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

મંત્રીએ સ્વિસ વ્યવસાયોને ઈન્વેસ્ટ ઈન્ડિયા ખાતે સમર્પિત EFTA ડેસ્કનો લાભ લેવા અને સમર્થન પૂરું પાડવા હાકલ કરી હતી. તેમણે નિયમનકારી સુમેળ અને પરસ્પર માન્યતા કરારો તરફ કામ કરવાની ભારતની ઈચ્છાનો પુનરોચ્ચાર કર્યો, સ્વિસ અને ભારતીય રોકાણોને પ્રોત્સાહિત કરવા માટે પારસ્પરિક સેતુ બનાવવા પર ભારતના સક્રિય વલણ પર પ્રકાશ પાડ્યો હતો.

ઉદ્યોગો સાથે વાતચીત કરવા ઉપરાંત, મંત્રીએ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI)ના સ્વિટ્ઝર્લેન્ડ ચેપ્ટરના સભ્યોને પણ મળ્યા હતા. તેમણે તેમના યોગદાન અને ICAIના ઉચ્ચ ધોરણો અને વૈશ્વિક પ્રતિષ્ઠાને જાળવી રાખવા બદલ ચેપ્ટરની પ્રશંસા કરી, ભારત-સ્વિટ્ઝર્લેન્ડ વ્યાવસાયિક અને વ્યવસાય ઈકોસિસ્ટમને મજબૂત બનાવ્યું હતું.

બાયોટેકનોલોજી, ચોકસાઈ ઉત્પાદન, આરોગ્યસંભાળ, ઓટોમેશન, સંરક્ષણ, સાયબર સુરક્ષા અને અદ્યતન સામગ્રી સહિત વિવિધ ક્ષેત્રોના સ્વિસ ઉદ્યોગ નેતાઓએ વૈશ્વિક આર્થિક પાવરહાઉસ અને નવીનતા-આધારિત વિકાસ ગંતવ્ય તરીકે ભારતના માર્ગમાં દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કંપનીઓએ ભારતની અનન્ય શક્તિઓની જેમ કે એક વિશાળ અને ગતિશીલ બજાર, વધતો મધ્યમ વર્ગ, વિશ્વ-સ્તરીય એન્જિનિયરિંગ અને વૈજ્ઞાનિક પ્રતિભા અને એક નીતિ વાતાવરણ જે સક્રિયપણે વ્યવસાય કરવાની સરળતા, IP સુરક્ષા અને ટેકનોલોજી ભાગીદારીને પ્રોત્સાહન આપવાની પ્રશંસા કરી હતી. ઘણા લોકો માટે ભારત માત્ર એક આશાસ્પદ બજાર નથી પણ ઉત્પાદન, સંશોધન અને વિકાસ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઉકેલોના સહ-નિર્માણ માટે એક આદર્શ આધાર પણ છે.

ઘણી કંપનીઓએ ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારોને સેવા આપવા માટે સંયુક્ત સાહસો બનાવવા, કામગીરીનું વિસ્તરણ અને ઉત્પાદનનું સ્થાનિકીકરણ કરવામાં સક્રિય રસ દર્શાવ્યો હતો. અત્યાધુનિક કેન્સર સારવાર અને સેલ સાયન્સથી લઈને ઔદ્યોગિક ઓટોમેશન, ફાઈબર ઓપ્ટિક્સ, અવકાશ ટેકનોલોજી અને ડિજિટલ સુરક્ષા સુધી, સ્વિસ કંપનીઓએ ભારતની વિકાસલક્ષી પ્રાથમિકતાઓ અને ક્ષેત્રીય વિકાસ યોજનાઓ સાથે તેમના જોડાણ પર ભાર મૂક્યો હતો. ભાવના વ્યૂહાત્મક સંરેખણ અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતાનો હતો. ઘણા સહભાગીઓએ ભારતને કુદરતી ભાગીદાર ગણાવ્યું અને વૃદ્ધિના આગામી તબક્કામાં રોકાણ કરવાની તૈયારી દર્શાવી - માત્ર સ્થાનિક માંગને પહોંચી વળવા માટે જ નહીં, પરંતુ ભારતને તેમની વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં એક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે પણ તૈયારી દાખવી હતી.

### ખેડૂત ચોમાસાની ઋતુ આવવાની સૌથી વધુ રાહ જોતા હોય છે, અને એને પછી ખેતરમાં સુંદર પાક લહેરાશે

# સદીઓથી સામાન્ય માનવી અમુક બાબતે કુદરત આગળ કાયમ લાચાર જ હોય છે...



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આ કાળજાળ ગરમીથી રાહત મેળવવા માટે, અત્યંત ગરીબ લોકો પણ રાહ જોતા હોય કે, હવે આ ગરમીથી છુટકારો મળે!! પણ ક્યાંકને ક્યાંક સામાજિક પાપો એટલા બધા થતા રહે છે કે, કુદરતનું હવે કંઈ નિશ્ચિત રહ્યું નથી, અને કોઈને કોઈ રીતે તે ખૂબ વરસાવે છે, ઘણીવાર ખેડૂત માલમાલ થઈ જાય તો ઘણીવાર ખાવા ધાન પણ ન રહે.**

હમણાં જ ભીમ અગિયારસ ગઈ અને કેટલાંય ખેડૂતો એ વાવણી કરી હશે, અને વધુ ને વધુ પાક મળે એવી ઈચ્છા પણ રાખી હશે! ખેડૂત ચોમાસાની ઋતુ આવવાની સૌથી વધુ રાહ જોતા હોય છે, અને એને પછી ખેતરમાં સુંદર પાક લહેરાશે, અને નફો થતાં જીવન વળી પાછું લીલુંછમ થઈ જશે. તો આ કાળજાળ ગરમીથી રાહત મેળવવા માટે, અત્યંત ગરીબ લોકો પણ રાહ જોતા હોય કે, હવે આ ગરમીથી છુટકારો મળે!! પણ ક્યાંકને ક્યાંક સામાજિક પાપો એટલા બધા થતા રહે છે કે, કુદરતનું હવે કંઈ નિશ્ચિત રહ્યું નથી, અને કોઈને કોઈ રીતે તે ખૂબ વરસાવે છે. ઘણીવાર ખેડૂત માલમાલ થઈ જાય તો ઘણીવાર ખાવા ધાન પણ ન રહે.એટલે એમ કહી શકાય કે કુદરત આગળ અમુક બાબતે માનવી કાયમ લાચાર હોય છે. તો ખેડૂતની લાચીરી કેવી હોઈ શકે, એનો એક કિસ્સો બુધવારની બોધકથામાં જોઈએ.

આ વખતે ખૂબ ગરમી પડી એટલે ભીમ અગિયારસ આસપાસ વરસાદ થશે, એવું ધારીને લગભગ બધા ખેડૂતોએ વાવણી કરી દીધી હતી. માવજી એ પણ પોતાના ખેતરમાં સીંગ અને ડાંગરની વાવણી કરી હતી, જો કુદરત મહેરબાન થાય, તો આવતા બે વર્ષ વાંધો નહીં આવે, એમ સૌ વિચારતા હતા. માવજી આમ તો સાવ સામાન્ય સ્થિતિનો હતો અને વાવણી માટે બીયારણ પણ ઉછીના રૂપિયાથી લાવ્યો હતો! અને એ



પણ બમણા પૈસા પાછા દેવાની શરતે. આમ તો ઘરમાં ખાનારા એ અને એની પત્ની બે જ હતાં, દીકરીઓ સાસરવાસી હતી. પરંતુ વાર તહેવારે વહેવાર કરવાં રૂપિયા તો જોઈએ જ! ઈશ્વરે દીકરી રૂપે તો ચાર ચાર જોગમાયા આપી હતી, અને એને ખરેખર એનો ગર્વ પણ હતો. આટલી અછતમાં પણ ચારે ચાર પોતાની રીતે જ ભણ્યા હતાં, અને ખેતરમાં મજૂરી કરવા પણ આવતા. પરંતુ એક તો ઉંમર પણ હવે ૫૦ ઉપરની થઈ ગઈ, અને પાછો પત્નીને હૃદયની બીમારી પણ હતી, એટલે કોઈવાર અણધાર્યા દવાના ખર્ચા પણ થાય. માવજી વિચારતો હતો કે આ વખતે જો થોડાં ઘણાં રૂપિયા વધે એમ હોય તો પોતે પણ ટ્રેક્ટર ખરીદી લેશે કારણ કે આવકનું અડધું ધન તો મજૂરીમાં જતું રહેતું હતું.

આ વખતે કુદરતે ખરેખર મહેર કરીને ખેડૂતોના ખેતરમાં સારો પાક લહેરાવા લાગ્યો! બસ હવે બે ચાર વરસાદ સરખા થઈ જાય પછી ઉઘાડ નીકળે, તો ચાંદી ચાંદી હતી! અને એ પણ ઈશ્વર જાણે લાચારી છીનવી લેવા માંગતો હોય, એમ બધું સમુસુતરું પાર પડ્યું, અને અંતે ખળામાં પાક આવી ગયો. માવજી મનોમન વિચારતો હતો કે બધું મળીને ૧૨ ૧૫ લાખનું તો આરામથી જોડ થઈ જશે! વાલજીભાઈ પાસેથી લીધેલા રૂપિયા ડબલ કરીને આપો તો પણ માંડ માંડ રૂ. ૪૦,૦૦૦ થાય હવે કોઈ જ ચિંતા નથી. મંડીમાં બોલી પણ સારી લાગી, અને માવજીએ ધાર્યું હતું એમ રૂપિયા ૧૫ લાખનો મેળ થઈ ગયો, ખુશ થતો થતો વાલજીને ૨૦,૦૦૦ના ૫૦,૦૦૦ આપી આવ્યો. ખુશ થતો થતો ઘરે આવ્યો અને પત્નીને નફાની વાત કરી! પત્ની સમજું એ સુજાવ આપ્યો કે સાવ આછી પાતળી આવકને કારણે દીકરીઓના લગ્ન સમયે કંઈ જ આપ્યું નથી, તો એમને માતા-પિતાનું સંભારણું જીવન પર બની રહે, એ માટે એક એક ઘરેણું કરાવી આપવું! માવજી ભાઈએ કહ્યું કે પણ હું તો આ વખતે ટ્રેક્ટર લેવાનું વિચારતો હતો, કારણ કે મજૂરીમાં ખૂબ રૂપિયા ચાલ્યા જાય છે. સમજુ બેને કહ્યું કે ભલેને નાનું નાનું પણ એક ઘરેણું તો આપવું જ છે! આમ પણ તહેવારોના દિવસો આવશે તો પિયરનું ઘરેણું પહેરે તો સાસરિયામાં પણ માન વધે. સમજુંની વાત સાચી હતી, એટલે માવજીભાઈએ કહ્યું કંઈ વાંધો નહીં, થોડું થોડું એમને પણ આપીશું અને બચશે તો ટ્રેક્ટર લઈશ. આમ વાતને પૂરી કરીને કહ્યું હવે જમવાનું આપી દે, શહેરમાં આજે સારી બોલી ની રાહમાં કંઈ ખાધું જ નથી. સમજુ બેને પણ હોંશે હોંશે બનાવેલી લાપસી પીરસી અને આમ પતિ પત્ની બંને મન અને જીવન હવે ગળ્યા થઈ જશે એવી કલ્પના કરવા લાગ્યા.

સમજુ બેને એક દિવસ ફરી પતિને યાદ અપાવી અને કહ્યું કે દીકરીઓ તહેવાર પર આટો આવવાની છે, તો સોનીને બોલાવી ડિઝાઈન નક્કી કરી લઈએ. સમજું બેને કહ્યું કે મોટી મનીષાને ઘેર તો હવે બે ચાર વર્ષમાં પ્રસંગ પણ આવશે! કેટલી રાજી થશે! માવજીભાઈ ગામના સોનીનાં ઘરે જઈ આવ્યાં, અને અનુકૂળતાએ ઘરે આવવા કહ્યું. પણ ઘરમાં પ્રવેશ્યા ત્યાં સમજુ બેનને રડતાં જોયાં, અને બાજુમાં રહેતા ગંગા મા તેને શાંત કરતા હતાં. સમજુ એ કહ્યું કે બે વર્ષ પહેલાં લગ્ન કરીને વિદાય કરેલી, કોકીલાના પતિ રમેશનો એક્સિડન્ટ થયો છે, અને આપણે તાત્કાલિક શહેર જવાનું છે. થોડા ઘણા કપડાનો થેલો ભર્યો અને પત્નીએ યાદ દેવડાવતા, કહ્યું કે થોડા રૂપિયા પણ સાથે રાખજો જમાઈને સારવાર માટે જરૂર પડે તો આપવા પણ પડશે!

બંને જણાં શહેર પહોંચી ગયાં અને હોસ્પિટલમાં પહોંચ્યાં રમેશને બહુ સારી એવી ઈજા થઈ હતી. નાના મોટા ત્રણ ઓપરેશન કરવા પડે એમ હતાં! અને એનો ખર્ચ અંદાજે ચારથી પાંચ લાખ રૂપિયાનો હતો. કોકિલા રડતી રડતી માતા પિતા પાસે આવી અને બોલી કે સાસુ સસરાની મરજી વિરુદ્ધ લગ્ન કર્યા હોવાથી, એનાં સાસરિયાંઓ રૂપિયા આપવાની ના પાડે છે. પિતાજી હવે શું થશે રમેશનું ઓપરેશન કેમ કરાવીશું? માવજી પોતાની લાચાર દીકરીના આંસુ જોઈ ન શક્યો, અને સમજુ બેને પણ ઈચ્છા હતી, એટલે એને દીકરીને હિંમત આપતા કહ્યું રૂપિયા તો આજે છે, અને કાલે ન પણ હોય! તો એની જરાય ચિંતા કરતી નહીં, ઓપરેશનના પૂરેપૂરા રૂપિયા હું ચૂકવી દઈશ. આમ માવજીના નફા માંથી ૫,૦૦,૦૦૦ તો ત્યાં જ વપરાય ગયાં, એને સમજુ બેન સામે જોયું સમજુએ કહ્યું કે જમાઈ છે, એટલું તો કરવું જ પડે. માવજી એક દિવસ ખેતરેથી ઘરે આવ્યો હતો, સમજું પથારીમાં પડી હતી. માવજીને જોઈ સમજુ એ કહ્યું કે આજે બપોરથી છાતીમાં બહુ જ દર્દ ઉપડ્યું છે. મને લાગે છે એકવાર ડોક્ટરને બતાવવું પડશે, ક્યાંક હૃદયનો હુમલો પણ હોય. વળી પતિ પત્ની બંને શહેરમાં આવી પહોંચ્યાં, અને સમજુની ટ્રીટમેન્ટ કરતા ડોક્ટર દિવ્યાંગ દેસાઈએ કહ્યું કે, ધબકારા અનિયમિત થઈ ગયા છે, અને ધબકારા નિયંત્રિત કરવાં માટે પેસમેકર મુકવા માટે ઓપરેશન કરવું પડશે! અને વળી પાછો રુપિયા રુપિયા ૪ કે ૫ લાખનો ઓપરેશનનો ખર્ચ! અને ઉપરથી હોસ્પિટલનો ખર્ચ પણ ... પછી તો રમીલાનાં દિકરાને વિદેશ મોકલવામાં થોડાં ખૂટે એમ હતાં એ આપ્યાં. તો સરિતાને ઘર લેવા માટે થોડાં આપ્યાં! આમ બધાં જ રુપિયા પૂરાં થયાં અને માવજી એ વિચાર્યું ટ્રેક્ટર હવે આવતે વર્ષે!!

મિત્રો તો આવી હોય છે લાચારી કે જે ગમે તે સાથે જોડાયેલી હોય છે, ગમે તે સમયે અને સ્થળે ઘટી શકે છે, અને ગમે તે સંજોગોમાં નિભાવવી જ પડે છે, અને તે છતાં પાછું મોઢું તો હસતું જ રાખવું પડે છે.

### વેદ ત્યાગ કરવાનું કહે છે, શાસ્ત્ર સર્વ છોડવાનું કહે છે, કામ છોડો, ક્રોધ છોડો, પરંતુ મનુષ્ય કાંઈ છોડી શકતો નથી

# એલચીના દાણાઓ જેવું નસીબ છે આપણું! સુગંધ એટલી જ ફેલાતી ગઈ જેટલું પીસાતાં ગયા.. ક્યારેક પોતા માટે તો ક્યારેક પોતાના સ્નેહી માટે...



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ઈશ્વર જ્યારે જીવને અપનાવી પોતાના સ્વરૂપનું દાન કરે છે, ત્યારે તે જીવ પૂર્ણ થાય છે, ઈશ્વર વિનાનો સર્વ સંસાર અપૂર્ણ છે, જીવ અપૂર્ણ છે એટલે તેને શાંતિ નથી, નારાયણ એ પરિપૂર્ણ છે, સાચી શાંતિ નારાયણમાં છે, નર એ નારાયણનો અંશ છે, નારાયણ ને ઓળખવાનું અને નારાયણમાં લીન થવાનું સાધન તે ભાગવત શાસ્ત્ર. સાક્ષાત્કાર માટે શાસ્ત્રમાં અનેક ઉપાયો બતાવ્યા છે.**

મોદીએ અગિયાર વર્ષમાં પચ્ચીસ કરોડને ગરીબીમાંથી ઉગાર્યા.. આ એક નવા યુગની શરૂઆત હોવાની વાત ભાજપ ના રાષ્ટ્રિય અધ્યક્ષ નડ્ડાએ કરી ત્યારે સવા કરોડ ભારતીયોની આંખમાં મફત રેશનના દડ દડ આંસુ વહેવા લાગ્યા દેશમાં આજે ઝડપભેર ખાવડ વિકાસ કામો થઈ રહયા છે જેનાથી આ આઝાદ પ્રજાને સરહદના સીમાડાઓ સુધી હરખ દેખાય છે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈશ્વર નો અંશ જીવાત્મા અપૂર્ણ છે. જીવનમાં ચિદ્અંશ છે, પરિપૂર્ણ નથી. મનુષ્યમાં જ્ઞાન આવે છે પરંતુ તે જ્ઞાન ટકી શકતું નથી. શ્રીકૃષ્ણ પરિપૂર્ણ જ્ઞાની છે. શ્રીકૃષ્ણ સોળ હજાર રાણીઓ

સાથે વાત કરતા પણ એ જ જ્ઞાન અને દ્વારિકા વગેરેનો વિનાશ થાય છે, ત્યારે એક જ જ્ઞાન.સર્વનો વિનાશ થાય તો પણ શ્રી કૃષ્ણના આનંદનો વિનાશ થતો નથી, કારણ શ્રીકૃષ્ણ પોતે જ આનંદરૂપે છે.સત્ નિત્ય છે, ચિત્ એ જ્ઞાન છે ચિદ્ શક્તિ એટલે જ્ઞાન શક્તિ. મનુષ્ય પોતાના સ્વરૂપ માં સ્થિત નથી એટલે તેને આનંદ મળતો નથી. ઠાકોરજી સંહારને પણ પોતાની લીલા માને છે. ઉત્પત્તિ સ્થિતિ અને સંહાર એ ઠાકોરની લીલા છે.જેનું જ્ઞાન નિત્ય ટકે તેનો આનંદ મળે તે આનંદરૂપ થાય. જીવોને આનંદરૂપ થવું હોય તો તે સચ્ચિદાનંદનો આશ્રય લે.આ જીવ જ્યાં સુધી પરિપૂર્ણ થતો નથી, ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી,



આનંદ મળતો નથી. સંસારનો પ્રત્યેક પદાર્થ પરિણામ માં વિનાશી હોવાથી પરિપૂર્ણ થઈ શકતો નથી. પરિપૂર્ણ સ્વરૂપ એ ભગવાન નારાયણ છે. આ નારાયણને ઓળખે અને તેની સાથે મનને જે તદાકાર બનાવે તે નારાયણ બની પરિપૂર્ણ થાય છે ત્યારે જીવનું જીવન સફળ થાય છે. જીવ જ્યાં સુધી અપૂર્ણ થાય ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. જીવ જ્યારે ઈશ્વરને મળે અને અપરોક્ષ સાક્ષાત્કાર કરે છે, ત્યારે તે પૂર્ણ થાય છે.

ઈશ્વર જ્યારે જીવને અપનાવી પોતાના સ્વરૂપનું દાન કરે છે, ત્યારે તે જીવ પૂર્ણ થાય છે. ઈશ્વર વિનાનો સર્વ સંસાર અપૂર્ણ છે. જીવ અપૂર્ણ છે એટલે તેને શાંતિ નથી. નારાયણ એ પરિપૂર્ણ છે. સાચી શાંતિ નારાયણમાં છે. નર એ નારાયણનો અંશ છે, નારાયણ ને ઓળખવાનું અને નારાયણમાં લીન થવાનું સાધન તે ભાગવત શાસ્ત્ર. સાક્ષાત્કાર માટે શાસ્ત્રમાં અનેક ઉપાયો બતાવ્યા છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ.

ઉપનિષદની ભાષા ગૂઢ છે. સામાન્ય મનુષ્ય તે સમજી શકશે નહીં. વિલાસી જીવ જ્ઞાન માર્ગથી ઈશ્વર પાસે જઈ શકે તે સંભવિત નથી. અતિ વૈરાગ્ય વગર જ્ઞાન સફળ ન થાય. જ્ઞાનનો પાયો છે વૈરાગ્ય. એવો વૈરાગ્ય પ્રાપ્ત કરવો કઠણ છે. શુકદેવજી મહારાજને એવો વૈરાગ્ય પ્રાપ્ત થયો હતો. જન્મતાં જ તેઓએ વન તરફ પ્રયાણ કર્યું.પિતાને કહ્યું તમે પિતા નહીં અને હું પુત્ર નહીં.

વેદ ત્યાગ કરવાનું કહે છે.શાસ્ત્ર સર્વ છોડવાનું કહે છે. કામ છોડો, ક્રોધ છોડો. પરંતુ મનુષ્ય કાંઈ છોડી શકતો નથી.જે પાનસોપારી છોડી શકતો નથી તે કામ, ક્રોધ લોભ કેવી રીતે છોડી શકશે? તે ઘર કેવી રીતે છોડી શકશે? મનુષ્યને કાંઈ છોડવું નથી અને વેદાંત તો કહે છે કે બધું છોડીને ઈશ્વર પાછળ પડો, તો ઈશ્વરને ઓળખી શકો.

વેદની સમાપ્તિ ઉપનિષદમાં થાય છે, તેથી તેને વેદાંત કહે છે. અરણ્યમાં રહી સાદું અનેસાત્વિક જીવન ગાળનારને ઉપ નિષદો અધિકાર છે.આપણાજેવા સંસારમાં ફસાયેલા, સાધારણ જીવો ઉપનિષદ્ જ્ઞાન પચાવી શકશે નહીં. ત્યાગ વિના, વૈરાગ્ય વિના જ્ઞાનમાર્ગમાં સફળતા મળતી નથી. વ્યાસજીને લાગ્યું કે, કળિ યુગના માનવીને જ્ઞાનમાર્ગે પરમાત્માનો સાક્ષાત્કાર થવો કઠણ છે તેથી તેમણે ભાગવતની રચના કરી છે.જે કારસુખ ભોગવે છે તે યોગાભ્યાસ કરી શકવાનો નથી. ભોગી યોગી થવા જશે તો તે રોગી થશે. જ્ઞાન માર્ગમાં જેનું પતન થાય તે નાસ્તિક બને છે. યોગ માર્ગમાં જેનું પતન થાય તે રોગી બને છે. ભક્તિમાર્ગમાં જેનું પતન થાય તે આસક્ત બને છે. ભાગવત શાસ્ત્રની રચના કળિયુગ ના જીવોનો ઉદ્ધાર કરવા માટે કરવામાં આવી છે. અમે ઘર છોડી શકતા નથી કહેનારને ભાગવત શાસ્ત્ર કહે છે કે, નિરાશ થશો નહીં સર્વ છોડીને જંગલમાં જવાની જરૂર નથી. જંગલમાં જવાથી જ ભગવાન મળે છે તેવું નથી. ભાગવત શાસ્ત્રનો આદર્શ દિવ્ય છે. ગોપીઓએ ઘર છોડ્યું નથી. ગોપીઓ ધંધો કરતી. સ્વધર્મનો ત્યાગ કરી તેઓ વનમાં ગઈ નથી, તેમ છતાં તેઓભગવાન ને પ્રાપ્ત કરી શકી છે. ભાગવત શાસ્ત્ર માર્ગદર્શન આપે છે કે, યોગીને જે આનંદ સમાધિમાં મળે છેતે આનંદ તમે ઘરમાં રહીને મેળવી શકો છો, પણ તમારો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનવો જોઈએ. ગોપીનો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનેલો હતો તેમ ઘરમાં રહીને પણ ભગવાનનાં દર્શન થઈ શકેછે ગોપીઓને ઘરમાં પરમાત્મા નાં દર્શન થયાં છે.ગોપીઓ માનતી કે મારા શ્રીકૃષ્ણ હું જ્યાં જાઉં ત્યાં મારી સાથે છે. વ્રજમાં આવી ગોપીઓનાં દર્શન કરી ઉદ્ધવનો ગર્વ એવો ઊતરી ગયો હતો કે તે બોલી પડયા : આ ગોપીઓની ચરણરજને હું માથે ચડાવું છું. અરે, આ ગોપીઓએ કરેલું હરિસ્તવન તો ત્રણે લોકને પાવન કરે છે!

ગોપીઓ સર્વમાં ભગવાનને નિહાળે છે.ગોપી કહે છે આ વૃક્ષમાં લતામાં, ફળમાં મને મારા પ્રભુ દેખાય છે. મારા શ્રીકૃષ્ણ મને છોડીને ક્યાંય જતા જ નથી. ગોપીઓના ઘરમાં પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે. ભાગવતમાં બતાવ્યું છેકે ઘરમાં રહેજો, તમારો વ્યવહાર કરજો,તો પણ પરમાત્મા ની પ્રાપ્તિ થઈ શકશે.ઘરમાં રહેવું એ પાપ નથી, પણ ઘરને મનમાં રાખવું એ પાપ છે. ગોપીઓની પ્રેમલક્ષણાભક્તિ એવી દિવ્ય છે કે તેમને ઘરમાં રહ્યા છતાં પ્રભુની પ્રાપ્તિ થઈ છે. ગોપી શ્રીકૃષ્ણરૂપ બની છે. એવા અલૌકિક ભક્તિ માર્ગનું વ્યાસ નારાયણ આ ભાગવતમાં વર્ણન કરશે અને તે ભક્તિ દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર થશે.

ભાગવત તમારો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનાવશે. વ્યવહારઅને પરમાર્થનો સમન્વય કરી આપશે. ગૃહસ્થને ઘરમાં આનંદ પ્રાપ્ત થઈ શકે તે માટે ભાગવતની રચના કરવામાં આવી છે.

સંસારના વિષયસુખમાં વૈરાગ્ય આવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે તે જ ભાગવતની લીલાકથાનો ઉદ્દેશ છે. સંતનો આશ્રય કરનાર સંત બને છે. ભાગવતનો આશ્રય કરનારો ભગવાન બને છે.ભક્તિ મંદિરમાં નહીં પણ જ્યાં બેસો ત્યાં થઈ શકે.તેને માટે દેશ કે કાળ ની જરૂર નથી.ભક્તિ ચોવીસ કલાક કરવાની.ભક્તિનો કાળ અને ભોગનો કાળ એવો ભેદભાવ રાખે તે ભક્તિ કરી શકતો નથી. ભક્તિ સતત કરો. ચોવીસ કલાક બ્રહ્મસંબંધ રાખો. હંમેશા ખ્યાલ રાખો, સદા. સાવધાન કે માયા સાથે સંબંધ ન થાય.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાન થકી જીવનને હળવું ફુલ જેવું બનાવી જીવવા પ્રયત્નો કરશો તેવી આશા સહ અસ્તુ.



# એકતા કપૂરે અનુરાગ કશ્યપને 'ડંબ' અને 'ક્લાસિસ્ટ' ગણાવ્યો

### અનુરાગ કશ્યપે નેટફ્લિક્સના સીઈઓ વિશે કરેલાં 'સાસ-બહુ' નિવેદન અંગે એકતા કપૂરનો વળતો પ્રહાર

અનુરાગ કશ્યપ ઘણી વખત તેના નિવેદનો માટે વિવાદમાં આવતો રહ્યો છે. ફરી તેણે એક નિવેદનના કારણે વિવાદ સર્જ્યો છે. તાજેતરમાં તેણે પોતાની સોશિયલ મીડિયા સ્ટોરીમાં નેટફ્લિક્સના સીઈઓ ટેડ સેરેન્ડોઝની ટીકા કરી હતી. અનુરાગ કશ્યપની લોકપ્રિય વૅબસિરીઝ 'ધ સ્ક્રેડ ગેમ્સ' બે સીઝન નેટફ્લિક્સ પર ૨૦૧૮ અને ૨૦૧૯માં આવી હતી. ત્યાર બાદ તેના દર્શકોને ત્રીજી સીઝનની અપેક્ષા હતી. તાજેતરમાં એક પોડકાસ્ટમાં ટેડ સેરેન્ડોઝે જણાવ્યું કે તેણે તેના પહેલાં ઈન્ડિયન ઓરિજીનલ શો 'સેક્રેડ ગેમ્સ'ના બદલે કોઈ વધુ પ્રચલિત પ્રકારના શો સાથે આગળ વધવાની જરૂર હતી. આ વાત અનુરાગ કશ્યપને ખટકી. આ ઈન્ટરવ્યુના સ્ક્રીનગ્રેબને શેર કરીને અનુરાગે પોતાના સોશિયલ મીડિયામાં લખ્યું, "એણે સાસ-બહુ સાથે શરૂઆત કરવાની જરૂર હતી. એ સારો ચાલ્યો હોત. જે તેઓ હાલ કરી રહ્યા છે, ઝેડ આઈને તો હંમેશા ખબર હતી કે જ્યારે વાર્તા કહેવાની વાત આવે ત્યારે ટેકનોલોજીના લોકો ડમ્બ હોય છે, પરંતુ ટેડ સેરેન્ડોઝ ડમ્બ હોવાની વ્યાખ્યા સમાન છે એ મને નહોતી ખબર, હવે બધું સ્પષ્ટ થઈ ગયું."અનુરાગ કશ્યપની સાસ બહુ કમેન્ટથી એકતા કપૂર નારાજ થઈ ગઈ છે. તેણે પણ અનુરાગ કશ્યપની સોશિયલ મીડિયા પોસ્ટનો જવાબ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આપ્યો છે. એકતા કપૂરે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, "તું બહુ જ ડમ્બ છે..તને લાગે છે કે આવું કહીને તું સ્માર્ટ અને કૂલ છે એવો ફાયદો ઉઠાવવા માગે છે પણ નાનાના...ડાર્લિંગ વિવેકનું શું !! અને જાત માટે સભાનતા??? એ કળા જે ઘણા કલાકારોમાં નથી હોતી! સાસુ વહુ અને તેની ભારતની જનતા પર અસરનું પ્રતિષ્ઠિત શિકાગો રિસર્ચમાં દસ્તાવેજીકરણ થયું છે. પણ એવા કલાકારો જે વધારે સમાવેશી દુનિયાની વાતો કરતાં હોય છે તે વધુ "ક્લાસિસ્ટ" હોય છે."આગળ એકતાએ લખ્યું, "આપણે લોકશાહીમાં ન્યાયી સ્પર્ધા માટે આ ચર્ચા ખરેખર છોડી દેવી જોઈએ, કારણ કે "તું અમારી સાથે બેસી નહીં શકે, અમે તારાથી વધુ સારા છીએ."નું વલણ નહીં ચાલે. દરેકને પ્રેમ અને પ્રકાશની શુભેચ્છાઓ."

# અભિનેતા દલકિર સલમાને મલયાલમ સિનેમાનું પહેલું સુપરહિરો યુનિવર્સ (લોકાહ) લોંચ કર્યું

### સાઉથની સુપરહિરોની દુનિયામાં લોકાહની એન્ટ્રી



સાઉથના એક્ટર્સ અને ડિરેક્ટર્સ એક પછી એક મલ્ટિ યુનિવર્સ અને સુપરહિરો થીમ પરની ફિલ્મની જાહેરાત કરવા માંડ્યા છે. પહેલાં અટલીએ અલ્લુ અર્જૂન સાથે સુપરહિરો ફિલ્મની જાહેરાત કર્યા બાદ, આ યાદીમાં લોકેશ કનગરાજ અને આમિર ખાનનું નામ પણ જોડાયું. આ બધી પૅન ઈન્ડિયા રિલીઝની યાદી ઉપરાંત રિતિકનો ક્રિશ તો છે જ. તાજેતરમાં જ આ યાદીમાં દીપિકાનું નામ જોડાયાં બાદ હવે આ યાદીમાં સાઉથમાંથી વધુ એક નામ જોડાયું છે. દલકિર સલમાને પણ હવે મલયાલમ સિનેમાની દુનિયાને મલ્ટિવર્સમાં પહોંચાડવાની તૈયારી કરી લીધી છે. તે માત્ર એક સુપરહિરો બનીને અટકવાને બદલે એક સુપરહિરો યુનિવર્સ બનાવવા જઈ રહ્યો છે. આમ હોલિવૂડની માર્વેલની સામે ભારતમાં મલિયાલમ સુપર હિરોનું યુનિવર્સ ખડું થશે. શનિવારે દલકિર સલમાને પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોતાના પ્રોડક્શનની ફિલ્મનો પહેલો લૂક જાહેર કર્યો હતો. દલકિરના સુપર હિરો યુનિવર્સની પહેલી ફિલ્મ હશે 'લોકાહ - ચેપ્ટર વનઃ ચંદ્રા', આ ફિલ્મ સાથે વેફેરરર ફિલ્મ્સ માટે પણ એક નવું પ્રકરણ શરૂ થશે. લોકાહના આ પોસ્ટરમાં કલ્યાણી પ્રિયદર્શન એક ક્યારેય ન જોઈ હોય એવા સુપર હિરો અવતારમાં કમાન્ડિંગ રોલમાં દેખાય છે,




**પહેલાં અટલીએ અલ્લુ અર્જૂન સાથે સુપરહિરો ફિલ્મની જાહેરાત કર્યા બાદ, આ યાદીમાં લોકેશ અને આમિરનું નામ પણ જોડાયું**

જે તેની કારકિર્દીમાં પણ એક મહત્વનો પડાવ બની જશે. યુદ્ધ જેવા દૃષ્યમાં તાકાતથી બધાની સામે ખડી થયેલી કલ્યાણીનું પાત્ર શક્તિશાળી, કોઈને તાબે થાય એવા અને એક ઉગ્ર અવતારમાં જોવા મળે છે, જે દંતકથાત્મક વાર્તા સાથે લાગણીશીલ પાત્ર પણ હોય એવો અંદાજ આવે છે. હજુ રવિવારે દીપિકાના સુપરવુમન અવતારની જાહેરાત થઈ છે, ત્યારે સાઉથની ફિલ્મોમાં બે સુપરવુમનની ટક્કર અંગે પણ ચર્ચા છે. તેની સાથે નસલીન કે. ગફૂર પણ ડર કે ચિંતાના હાવભાવ સાથે જોવા મળે છે, જે યુદ્ધ અને તોફાન વચ્ચે ઘેરાયેલો છે. તે દર્શાવે છે કે આ ફિલ્મની વાર્તામાં ઘણાં લોકો જોડાયેલાં છે, જે લાગણીશીલ હોવાની સાથે શક્તિશાળી પણ હશે. મહત્વની વાત એ પણ છે કે ફિલ્મનું નામ 'લોકાહ- ચેપ્ટર વનઃ ચંદ્રા' એ માત્ર કોઈ કાલ્પનિક એક્શન ફિલ્મ નથી. પરંતુ મલયાલમ સંસ્કૃતિ, લોકકથાઓ અને દંતકથો પર આધારીત એક મોટા સિનેમેટિક યુનિવર્સ તરીકે તેની કલ્પના કરવામાં આવી છે. દલકિરના વેફેરર પ્રોડક્શન હેઠળની આ સાતમી ફિલ્મ હશે અને આ તેની સૌથી મહત્વાકાંક્ષી ફિલ્મ પણ છે. દલકીરે આ ફિલ્મનું પોસ્ટર લોંચ કરતાં ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "લોકાહ -એક એવી દુનિયા જ્યાં દંતકથાઓ જીવંત થાય છે. ચેપ્ટર વનઃ ચંદ્રા. લોકાહમાં એવી દુનિયાનું સર્જન થઈ રહ્યું છે, જે આપણી વચ્ચે જ રહે છે. વધુ વિગતો માટે જોડાયેલાં રહો."જોકે, આ ફિલ્મના પ્લોટ અને કાસ્ટ અંગેની વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી. લોકાહ માત્ર દલકિર માટે એક પ્રોડ્યુસર તરીકે અગત્યનું પગલું નથી પણ સમગ્ર મલયાલમ ઈન્ડસ્ટ્રી માટે પણ એક મોટો પડાવ બની રહેશે, જ્યાં સામાન્ય રીતે સુપરહિરો પ્રકારની ફિલ્મ બનતી નથી. આ જોખમ સાથે દલકિર પણ પોતાના સિનેમેટિક યુનિવર્સ રચતાં ફિલ્મમેકર્સમાં સ્થાન મેળવશે. ત્યારે ઈન્ડસ્ટ્રીના લોકોમાં તેનાથી ઉભી થનારી શક્યતાઓ અંગે ઘણી ચર્ચા છે. તેના મોટા બજેટ, સ્ટારકાસ્ટ અને એક એક પછી એક વાર્તાઓને એકબીજા સાથે જોડતાં યુનિવર્સના વચન સાથે લોકાહ એક ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

# અભિનેત્રી સોનાક્ષી સિંહા અને જ્યોતિકાના કોર્ટરૂમ ડ્રામાનું શૂટિંગ શરૂ થયું

### શૂટિંગ માટે કોર્ટરૂમ ઉપરાંત માલવાની, મઢ આઈલેન્ડ અને વિલે પાર્લે જેવા વિસ્તારો પણ ઊભા કરવામાં આવ્યા છે



સોનાક્ષી સિંહા અને જ્યોતિકા આગામી કોર્ટરૂમ ડ્રામામાં એકબીજાને ટક્કર આપતા જોવા મળશે. શૂટિંગ માટે કોર્ટરૂમ ઉપરાંત માલવાની, મઢ આઈલેન્ડ અને વિલે પાર્લે જેવા વિસ્તારો પણ ઊભા કરવામાં આવ્યા છે અશ્વિની ઐયર તિવારીના ડાયરેક્શનમાં બની રહેલા આ લીગલ ડ્રામાનું આયોજન ઘણાં સમયથી ચાલી રહ્યું હતું. શરૂઆતમાં કરીના કપૂર ખાન અને કિઆરા અડવાણીને લીડ રોલમાં રાખીને ફિલ્મની તૈયારી શરૂ કરાઈ હતી. જો કે આયોજનમાં ફેરફારના કારણે કાસ્ટ પણ બદલાઈ હતી. રિપોર્ટ્સ મુજબ, કેટલાક ક્રીએટિવ ડિફરન્સના કારણે આયોજન મુજબ ફિલ્મ આગળ વધી નહીં. આખરે નવેસરથી સ્ક્રિપ્ટની શરૂઆત કરવામાં આવી અને સમગ્ર પ્રોજેક્ટનું ફરી આયોજન કરાયું. આ પ્રક્રિયામાં વિલંબના કારણે ઓરિજિનલ કાસ્ટમાં નક્કી થયેલા કરીના અને કિઆરાને પણ રીપ્લેસ કરવાની જરૂરિયાત ઊભી થઈ. ફિલ્મને તાત્કાલિક શરૂ કરવાની હતી અને તેથી જાણીતા ચહેરાની શોધ શરૂ થઈ હતી. સોનાક્ષી અને જ્યોતિકા એવા નામ હતા, જેઓ જાણીતા હોવાની સાથે તેમના હાથ પર મોટા પ્રોજેક્ટ પણ નથી.સોનાક્ષી અને જ્યોતિકાના લૂક ટેસ્ટ બાદ ફાઈનલ કરવામાં આવ્યા હતા. ગત સપ્તાહે મુંબઈ ખાતે સ્ટુડિયોમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે. શૂટિંગ માટે કોર્ટરૂમ ઉપરાંત માલવાની, મઢ આઈલેન્ડ અને વિલે પાર્લે જેવા વિસ્તારો પણ ઊભા કરવામાં આવ્યા છે. ફિલ્મની સ્ટોરી પર્સનલ ટ્રોમા અને સોશિયલ જસ્ટિસ સાથે સંકળાયેલા લીગલ કેસને રજૂ કરે છે. ફિલ્મનું ટાઈટલ કે રિલીઝ ડેટ હજુ જાહેર થયા નથી.

### ઈન્ડિયન ઓડિયન્સને ફિલ્મ મેકર્સ પર ભરોસો રહ્યો નથી

# ફિલ્મા રીવ્યૂ માટે પૈસા અપાય છે, બધું જ ખરીદાય છેઃ અડવાણી

### વર્ષોથી ભારતમાં કમર્શીયલ સિનેમા અને ઇન્ડિપેન્ડન્ટ સિનેમા વચ્ચે ભેદ રહ્યો છે, વર્ષો સુધી આવી ફિલ્મ પેરેલલ સિનેમા તરીકે જ ઓળખાઈ છે

તાજેતરમાં જ અભિષેક બેનર્જીની ડેબ્યુટન્ટ ડિરેક્ટર કરન તેજપાલે ડિરેક્ટ કરેલી ફિલ્મ 'સ્ટોલન' ઓટીટી પર રિલીઝ થઈ છે. તેને પાંચ ક્રિએટિવ પ્રોડ્યુસર્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે, નિખિલ અડવાણી, અનુરાગ કશ્યપ, વિક્રમાદિત્ય મોટવાણે અને કિરણ રાવ. આ ફિલ્મ છેલ્લાં કેટલાંક દિવસોથી ચર્ચામાં છે. ત્યારે નિખિલ અડવાણીએ દેશમાં ફિલ્મ ડિસ્ટ્રીબ્યુશનની સ્થિતિ અને ઓડિયન્સના બદલાતાં વલણ અંગે વાત કરી હતી. સ્વતંત્ર ફિલ્મ પણ લોકો સુધી પહોંચે અને લોકો આ પ્રકારની ફિલ્મ પણ માણી શકે તે હેતુથી ઘણી વખત જાણીતા લોકો નાની ફિલ્મમાં એક્ઝિક્યુટીવ પ્રોડ્યુસર તરીકે જોડાતા હોય છે. 'સ્ટોલન'માં પણ આવું જ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ અંગે નિખિલ અડવાણીએ કહ્યું, "સારી અને ખુશ થવા જેવી બાબત ત્યારે કહેવાશે જ્યારે સ્ટોલન જેવી ફિલ્મને અમારી જરૂર જ નહીં પડે." તેણે આગળ કહ્યું, "અમે કોણ છીએ? અમે તો માત્ર અમારી મહેનત અને વિસ્વસનીયતા દાવ પર લગાવીએ છીએ. મને લાગે છે કે હાલ ફિલ્મ મેકર્સ અને દર્શકો વચ્ચે બિલકુલ અવિશ્વસનીયતાનો માહોલ છે. મૂળ દર્શકો એવું કહે છે, "તમે જે કહો એ, અમને તમારા પર વિશ્વાસ નથી. રીવ્યુ માટે પૈસા અપાય છે અને બધું જ ખરીદાય છે." અમે બસ એટલું કહેવા માગીએ છીએ, "અમારો વિશ્વાસ



કરો." અંતે તો, અમે એક ગુણવત્તાવાળી ફિલ્મ બનાવવા માટે જાણીતા છીએ."નિખિલે આ પહેલાં 'કલ હો ના હો', 'ડી ડે', 'બાટલા હાઉસ' જેવી ફિલ્મ બનાવી છે. તેણે ઓડિયન્સના વખાણ કરતા કહ્યું, "આજનું ઓડિયન્સ સોશિયલ મીડિયાના કારણે એટલું માહિતગાર થઈ ગયું છે કે એમની પાસે બધું જ આંગળીના ટેરવે છે."વર્ષોથી ભારતમાં કમર્શીયલ સિનેમા અને ઈન્ડિપેન્ડન્ટ સિનેમા વચ્ચે ભેદ રહ્યો છે. વર્ષો સુધી આવી ફિલ્મ પેરેલલ સિનેમા તરીકે જ ઓળખાઈ છે. પછી મલ્ટીપ્લેક્સ આવી ગયા અને આવી ફિલ્મ ફેસ્ટિવલ ફિલ્મ તરીકે ઓળખાવા લાગી. આ ભેદભાવ વિશે વાત કરતા નિખિલે કહ્યું, "હવે વિકલ્પો ઘટી રહ્યા છે. તેથી ઘીસી પીટી રૂઢિને જ અનુસરવાની માગ પણ એટલી જ વધારે છે. જ્યારે પણ તમારે એ તોડીને કશુંક નવું કરવાનું હોય ત્યારે તમારે એવું કરવું પડે છે, જે માર્કેટમાં પણ સ્વીકૃત હોય, પછી તે કલાકારો હોય, ડિરેક્ટર હોય કે પછી પ્રોડ્યુસર. પરંતુ મને આશા છે કે સ્થિતિ બદલાશે. બદલાવી જ પડશે. સારી ફિલ્મ હશે તો એનું ઓડિયન્સ મળી જ રહેશે."છેલ્લાં કેટલાંક વર્ષોમાં પેન્ડિમિકથી થિએટરમાં ફિલ્મની સફળતા અને કમાણીમાં ઘણો ઘટાડો થયો છે. પરંતુ નિખિલ કહે છે, "એ જ ઓડિયન્સ હવે કોમેડી ક્લબ અને લાઈવ શોમાં પૈસા ખર્ચે છે. વીર દાસે મને પહેલાં કહેલું કે એ દેશનાં છ જ દેશોમાં પ્રવાસ કરે છે. હવે એ ૬૦ શહેરોમાં ફરે છે. આપણે દર્શકોને ફરી જીતવાની જરૂર છે અને તે તેમની વાત સાંભળીને જ થઈ શકશે."




# શિવભક્ત 'કન્નપ્પા'નો રન ટાઈમ 3 કલાકથી વધુ હશે

### પહેલાં પણ જાહેર થઈ ગયું છે એમ આ ફિલ્મ ભગવાન શિવના પરમ ભક્ત કન્નપ્પાની દંતકથા પર આધારીત છે

વીએફએક્સની મહત્વની હાર્ડ ડિસ્કની ચોરી અને પારિવારિક વિવાદો બાદ અંતે હવે વિષ્ણુ માંચુની ફિલ્મ 'કન્નપ્પા' આખરે ૨૭ જૂને રીલીઝ થઈ રહી છે અને આ ફિલ્મનો રન ટાઈમ ૩ કલાક અને ૧૦ મિનિટ છે. મોટા બજેટ અને મોટી સ્ટાર કાસ્ટ સાથે બનેલી આ ફિલ્મ અક અનોખો સિનેમેટિક અનુભવ હોવાનો ટીમનો દાવો છે. છેલ્લાં થોડા વખતમાં રિલીઝ થયેલી કેટલીક ફિલ્મમાં મોટા બજેટની ફિલ્મો પણ ઘણી લાંબી હતી, એ જ ટ્રેન્ડમાં આ ફિલ્મ પણ ઘણી લાંબી હશે. પહેલાં પણ જાહેર થઈ ગયું છે એમ આ ફિલ્મ ભગવાન શિવના પરમ ભક્ત કન્નપ્પાની દંતકથા પર આધારીત છે. તેમાં ટોપ પ્રોડક્શન વેલ્યુ સાથે મોટી કાસ્ટ પણ છે. એવું કહેવાય છે કે જો આ ફિલ્મ ચાલી ગઈ તો ભવિષ્યમાં આ જોનરની ફિલ્મ માટે આ ફિલ્મ એક મહત્વનો વળાંક લઈને આવશે. આ ફિલ્મમાં મહોન બાબુ, અક્ષય કુમાર, મોહનલાલ, પ્રભાસ, સરથકુમાર, કાજલ અગ્રવાલ અને પ્રિતિ મુકુંદન મહત્વનાં રોલમાં છે. વિષ્ણુ માંચુ માત્ર લીડ રોલમાં જ નથી, પરંતુ તેણે આ ફિલ્મની સ્ક્રિપ્ટ પણ લખી છે. મુકેશ કુમાર સિંઘે આ ફિલ્મ ડિરેક્ટ કરી છ અને ૨૪ ળેમ્સ ફેક્ટરી બેનરમાં મોહન બાબુએ આ ફિલ્મ પ્રોડ્યુસ કરી છે. કન્નપ્પા જોવા માટે જેટલી ભવ્ય ફિલ્મ હશે એટલી જ આ ફિલ્મ ભાવનાત્મક પણ છે.આ ફિલ્મનું સંગીત સ્ટીફન દેવાસી દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે તેમજ શેલ્ડન ચાઉએ સિનેમેટોગ્રાફી કરી છે. આ ફિલ્મ ઓડિયો વિઝ્યુઅલી વૈભવી હશે તેવા દાવાને કારણે ફિલ્મ પાસેથી ઘણી અપેક્ષાઓ છે કે આ ફિલ્મ પણ કન્નપ્પા પણ સાઉથની પૅન ઈન્ડિયન બ્લોકબસ્ટર રિલીઝની યાદીમાં જોડાઈ શકે.

# 'સરદારજી 3'માં હાનિયા આમિરને લોકોએ શોધી જ લીધી

પંજાબી ગાયક-અભિનેતા દિલજીત દોસાંઝે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર તેમની આગામી પંજાબી ફિલ્મ 'સરદારજી ૩' ના સેટ પરથી ફોટા શેર કર્યા. અભિનેત્રી નીરુ બાજવા તેમાં સામેલ હતી, પરંતુ ચાહકોએ પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિરને પૃષ્ઠભૂમિમાં જોઈ. અગાઉ, ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે હાનિયાને ફિલ્મમાંથી દૂર કરી શકાય છે. આ હુમલામાં ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા અને ભારત-પાકિસ્તાન સંબંધોમાં તણાવ પેદા થયો હતો.દિલજીત દોસાંઝે હવે 'સરદારજી ૩' ના સેટ પરથી ફોટા શેર કર્યા હશે, પરંતુ સ્પષ્ટ છે કે આ તસવીરો જૂની હશે. પહેલા ફોટામાં ચાહકોએ જોયું કે હાનિયા આમિર નીરુ બાજવાની



પાછળ ઉભી છે. ફક્ત તેના ટૂંકા વાળ અને આંખો જ દેખાય છે. ઘણા લોકોએ એવો પણ દાવો કર્યો હતો કે દિલજીત બીજી એક તસવીરમાં હાનિયા સાથે પોઝ આપી રહ્યો હતો. આમાં, તે કથિત રીતે હાનિયાને પોતાના હાથમાં પકડી રહ્યો છે. દિલજીતના ટી-શર્ટ પર હાનિયાનો ચહેરો છપાયેલો છે! જોકે, અભિનેત્રીનો ચહેરો દેખાતો નથી. કેટલાક લોકોએ તો એવું પણ અનુમાન લગાવ્યું હતું કે દિલજીત જે ટી-શર્ટ પહેરી રહ્યો છે તેના પર હાનિયાનો ચહેરો છપાયેલો છે. જોકે, નિર્માતાઓ કે ગાયિકા દ્વારા હજુ સુધી પુષ્ટિ કરવામાં આવી નથી કે 'સરદાર જી ૩'માં હાનિયા આમિરનો રોલ દૂર કરવામાં આવ્યો છે કે તે હજુ પણ તેનો ભાગ છે. જાણીતું છે કે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા હુમલા બાદ, ભારત દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી અને ઘણા પાકિસ્તાની સેલેબ્સના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આમાં હાનિયાનો પણ સમાવેશ થતો હતો. દિલજીત દોસાંઝે 'સરદારજી ૩' ના સેટ પરથી ફોટા શેર કર્યા



યોગમય વડોદરા - સ્વસ્થ વડોદરા - મેદસ્વિતા મુક્ત વડોદરા

# તંદુરસ્ત વડોદરા તરફ એક પગલું : નવલખી મેદાનમાં વહેલી સવારે હજારો વડોદરાવાસીઓની યોગસાધના





। (માહિતી) વડોદરા, તા.૧૦ ।

વડોદરા શહેરના નવલખી મેદાન ખાતે આજે વહેલી સવારે ૧૦ હજારથી વધુ યોગ સાધકોએ વડોદરાને સ્વસ્થ અને મેદસ્વિતા મુક્ત બનાવવા માટે યોગ અભ્યાસ કર્યો હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજીત આ ભવ્ય યોગ શિબિરનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનને વેગ આપીને સ્વસ્થ જીવન તરફ લોકોમાં જાગૃતિ લાવવાનો અને કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણનો હતો.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શ્રી શીશપાલ એ આ યોગ શિબિરનું સંચાલન કર્યું હતું. નવલખી મેદાનમાં વહેલી સવારથી હાજર હજારો યોગ સાધકોને યોગના વિવિધ આસનો શીખવાડી તેનું મહત્વ અને ફાયદાઓથી જાગૃત કર્યા હતા. શારીરિક, માનસિક, ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ માટે યોગના માધ્યમની તેમણે હિમાયત કરી હતી. યોગના માધ્યમથી પ્રેરણાત્મક વિચારો તથા વકતવ્યો થકી તેમણે રાષ્ટ્રભાવના, સ્વસ્થતા અને સ્વચ્છતા જેવા વિષયો પ્રત્યે લોકજાગૃતિથી રાજ્ય અને દેશની પ્રગતિ થશે, તેવું તેમણે યોગાભ્યાસ દરમિયાન જણાવ્યું હતું. મેદસ્વિતાને વૈશ્વિક આરોગ્ય સમસ્યા ગણાવી શ્રી શીશપાલે મેદસ્વિતાના કારણો અને નિવારણ પર વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ મેદસ્વિતાના નિવારણ માટે યોગનું મહાત્મ્ય વર્ણવીને યોગસાધકોને પ્રોત્સાહન પૂરુ પાડ્યું હતું. યોગસેવક શ્રી શીશપાલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેદસ્વિતાથી મુક્તિ માટે દેશવાસીઓને કરેલા આહ્વાનને ઝીલી લેવા માટે નિયમિત યોગાભ્યાસ, યોગ્ય આહારશૈલી તેમજ સ્વસ્થ જીવનશૈલી માટે વડોદરાવાસીઓને સંકલ્પ બદ્ધ કર્યા હતા. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકારના 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'ના રાજ્યવ્યાપી અભિયાનને સફળ બનાવવા માટે મેદસ્વિતાને યોગ-પ્રાણાયમના માધ્યમથી દૂર ભગાવીને આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરો. યોગને આરોગ્ય અને સુખાકારી તરફ એક સાકલ્યવાદી અભિગમ ગણાવી તેમણે યોગશાસ્ત્ર સાથે આહારશાસ્ત્રનું સંતુલન જાળવવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

સવારે સાડા પાંચ વાગ્યાથી સાડા સાત વાગ્યા સુધી એટલે કે વહેલી સવારે બે કલાક સુધી હજારો વડોદરાવાસીઓએ વિવિધ આસનો થકી યોગ અભ્યાસ કર્યો હતો. જો કે આજની આ યોગ શિબિરમાં મેદસ્વિતા ઘટાડવા માટે મહત્વના યોગાસન જેવા કે સૂર્ય નમસ્કાર, ભુજંગાસન, ધનુરાસન, ઉત્કટાસન અને નૌકાસન જેવા આસનોનો વિશેષ અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આ સાથે જ મેદસ્વિતા ઘટાડવા માટે કપાલભાતિ, અનુલોમ-વિલોમ સહિત મહત્વના પ્રાણાયમ પણ કરવામાં આવ્યા હતા. યોગ દ્વારા મેદસ્વિતાને પરાસ્ત કરવાનો અને વડોદરાને સ્વસ્થ બનાવવાનો સફળ પ્રયાસ આ યોગ શિબિરમાં કરવામાં આવ્યો હતો. આ ભવ્ય યોગ શિબિરમાં ડેપ્યુટી મેયર શ્રી ચિરાગ બારોટ, અગ્રણી ડો. જયપ્રકાશ સોની, વડોદરા મહાનગર પાલિકાના શાસક પક્ષના નેતા શ્રી મનોજભાઈ પટેલ, કાઉન્સિલરશ્રીઓ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોચ, યોગ ટ્રેનર અને યોગ સાધકો જોડાયા હતા.

# દાહોદ જિલ્લા કક્ષાનો વિશ્વ યોગ દિવસનો કાર્યક્રમ સિદ્ધરાજ જયસિંહ તળાવ ખાતે યોજાશે

। (માહિતી) દાહોદ, તા.૧૦ ।

વિશ્વ યોગ દિવસની ઉજવણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે દાહોદ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ સબંધિત વિભાગોના અધિકારીશ્રીઓને વિડીયો કોન્ફરન્સ દ્વારા સ્ટેજ, મંડપ, મેડિકલ વ્યવસ્થા, સાફ સફાઈ, પીવાનું પાણી, સાઉન્ડ સિસ્ટમ તેમજ લાઈવ સ્ક્રીન વગેરેની વ્યવસ્થા કરવા જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ આ કાર્યક્રમમાં લોકો વધુને વધુ સહભાગી બને તે માટે યોગ્ય કામગીરી કરવા પણ અધિકારીશ્રીઓને જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડો રાજદીપસિંહ ઝાલા,પ્રાયોજના વહીવટ દાર શ્રી દેવેન્દ્ર મીણા, નિવાસી અધિક કલેકટર શ્રી જે.એમ.રાવલ, નાયબ વન સંરક્ષક શ્રી મીતેશ પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી જી.આર. હરદાસાણી, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી એસ.એલ દામા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી આરતસિંહ બારીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ઉદય ટીલાવત,જિલ્લા રમત ગમત અધિકારી શ્રી અમરસિંહ રાઠવા, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી જીગ્નેશ ડાભી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોર્ડીનેટર, યોગ સાથે સંકળાયેલ સંસ્થાઓના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

# ટોબેકો કંટ્રોલ સેલ-સુરત દ્વારા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ સુરત સિટી બસ ડેપો ખાતે જનજાગૃતિ અભિયાન



। (માહિતી) દાહોદ, તા.૧૦ ।

ડિસ્ટ્રિક્ટ ટોબેકો કંટ્રોલ સેલ-સુરત દ્વારા સુરત સિટી બસ ડેપો ખાતે 'રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ' કાર્યક્રમ હેઠળ જનજાગૃતિ ઝુંબેશ યોજાઈ હતી. જેમાં જિલ્લા આરોગ્ય શાખાના તજજ્ઞો દ્વારા એસ.ટી. કર્મચારીઓ તથા મુસાફરોને તમાકુથી થતા નુકસાન, રોગો વિષે ઊંડાણપૂર્વક સમજ અપાઈ હતી. સાથે જ તમાકુનું સેવન નહીં કરવા તેમજ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની યોગ્ય દરકાર કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય શાખાના ઈન્ફેક્શન સ્પેશિયાલિસ્ટ ડૉ. પરેશ સુરતી, ટોબેકો સેલના મુકેશ શ્રીવાસ્તવ, ડેપો મેનેજર મનોજ ચૌધરી, M.P.H.S ના નિલેશ લાડ સહિત એસ.ટી. કર્મચારીઓ, મુસાફરો હાજર રહ્યા હતા.

# ઉત્સવ બાળકના સર્વાંગી વિકાસનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ

। (માહિતી) દાહોદ, તા.૧૦ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને પ્રવેશોત્સવ ૨૦૨૫ની બ્રીફિંગ મિટિંગ યોજવામાં આવી હતી.

નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૫ નો શહેરી અને ગ્રામ્ય વિસ્તારનો સંયુક્ત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તારીખ ૨૬/૨૭/૨૮ જુન, ૨૦૨૫ દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક તથા સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કુલ, રક્ષા શક્તિ રેસીડેન્સીયલ શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીનું વિઝન છે કે વિકસિત ભારત બને. જે માટે દેશનો દરેક યુવાન શિક્ષિત બને, સ્વસ્થ બને સાથે આત્મનિર્ભર બને. આપણે ગુજરાતના છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં લાવીને દરેક વ્યક્તિને શિક્ષિત બનાવીએ. વધુમાં એમણે ઉમેર્યુ હતું કે, ગુજરાતના દરેક વાલીઓ પોતાના બાળકોને સરકારી શાળાઓમાં પ્રવેશ કરાવે તે જરૂરી છે. આ બ્રીફિંગ મિટિંગમાં દોહોદ જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડૉ રાજદીપસિંહ ઝાલા, પ્રાયોજના વહીવટ દાર શ્રી દેવેન્દ્ર મીણા, નિવાસી અધિક કલેકટરશ્રી જે.એમ.રાવલ, નાયબ વન સંરક્ષક શ્રી મીતેશ પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી જી.આર. હરદાસાણી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી આરતસિંહ બારીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ઉદય ટીલાવત સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. તાલુકા કક્ષાએથી અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ ઓનલાઈન જોડાયા હતા.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ : ૨૦૨૫

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાની ઓનલાઈન બ્રિફિંગ બેઠક યોજાઈ



। (માહિતી) છોટા ઉદેપુર, તા.૧૦ ।

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ-૨૦૨૫ બાબતે મહાનુભાવો અને અધિકારીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કક્ષાની બ્રિફિંગ બેઠક યોજાઈ હતી. આ બેઠકમા જિલ્લા કલેકટર સુશ્રી ગાર્ગી જૈન અને ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કલ્પેશકુમાર શર્મા, પોલીસ અધિક્ષક શ્રી ઈમ્તિયાઝ શૈખ સહિત જિલ્લા, અને રાજયભરના અધિકારીઓ વર્ચ્યુઅલી જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે રાજયભરમા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ : ૨૦૨૫ અંતર્ગત આગામી તા.૨૬ થી ૨૮ જૂન-૨૦૨૫ દરમિયાન તમામ સરકારી પ્રાથમિક, માધ્યમિક, અનુદાનિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિ રેસિડેન્સિયલ શાળા સહિતની શાળાઓમા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાનાર છે. કલેકટર કચેરીના વી.સી હોલ ખાતે યોજાયેલ આ ઓનલાઈન બેઠકમા મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી ગૌરવ અગ્રવાલ, નિવાસી અધિક કલેકટર શ્રી શૈલેશ ગોકલાણી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી આનંદ પરમાર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી જશવંતસિંહ પરમાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી સેજલ સંગાડા સહિત વિવિધ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નાણાંમંત્રી કનુભાઇ દેસાઇના હસ્તે જી. આઇ. ડી. સી. ફાઉન્ડેશન સ્ટોન નજીક નવનિર્મિત પોકેટ ગાર્ડનનું અનાવરણ કરી વાપીના નગરજનો માટે ખુલ્લો મુકાયો

## વી. આઇ. એ., નોટીફાઇડ, જી. આઇ. ડી. સી., વાપી ગ્રીન એન્વાયરો અને જી. પી. સી. બી. ના સંયુક્ત ઉપક્રમે કરાયુ આયોજન



। (માહિતી) વલસાડ, તા.૧૦ ।

"૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫" અંતર્ગત "Ending Plastic Pollution" થીમને ધ્યાનમાં રાખી આજે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા વાપી ચાર રસ્તા નજીક જી. આઈ. ડી. સી. ના ફાઉન્ડેશન સ્ટોન પાસે નવનિર્મિત પોકેટ ગાર્ડનનું રીબીન કાપી વાપીના નગરજનો માટે ખુલ્લો મૂક્યો હતો.

મંત્રીશ્રીએ વાપી શહેરના વિવિધ વિસ્તારોમાં વૃક્ષારોપણ કરી પોતાના રોજબરોજના જીવનમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકને તિલાંજલી આપી પર્યાવરણને બચાવવાનો સંદેશ આપ્યો હતો. જેમાં ગુંજન વિસ્તારની સંકલ્પ સોસાયટી સ્થિત તેમના નિવાસસ્થાન નજીક આવેલા જી. આઈ.ડી.સી.ના ગાર્ડન ખાતે,જી. આઈ.ડી. સી.ચાર રસ્તા, જી. આઈ. ડી. સી. એસ. એલ. માઈનિંગ ચોકડી, પેપીલોન હાઈવે ચાર રસ્તા અને સી. ઈ. ટી.પી.નો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમ વી. આઈ. એ., નોટીફાઈડ એરિયા, જી. આઈ. ડી. સી., ગ્રીન એન્વાયરો અને જી.પી.સી.બી. ના સંયુક્ત ઉપક્રમે આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં વી. આઈ. એ. પ્રમુખ સતીશભાઈ પટેલ, નોટીફાઈડ ચેરમેન યોગેશભાઈ કાબરીયા, વી. આઈ. એ. એડવાયઝરી મેમ્બર મિલનભાઈ દેસાઈ, વી. આઈ. એ. સેક્રેટરી કલ્પેશ વોરા, વલસાડ જિલ્લાના લઘુ ભારતીના પ્રમુખ મેહુલ પટેલ, વી. આઈ. એ. માજી પ્રમુખ કમલેશ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ સમય પટેલ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનિષ દેસાઈ, નોટીફાઇડના માજી સંગઠન પ્રમુખ હેમંત પટેલ,માજી પ્રમુખ મિતેશ દેસાઈ, નોટીફાઇડ એરિયા ચીફ ઓફિસર મહેશ કોઠારી, જી. પી. સી. બી.ના રિજિયોનલ ઓફિસર ગામિત, વી. આઈ. એ. ના ટ્રેઝરર રાજુલ શાહ અને જોઈન્ટ સેક્રેટરી ચંદ્રેશ મારૂ સહભાગી બન્યા હતા.

# ઉમરગામના અંકલાસમાં પ્રાકૃતિક ખેતીનો તાલીમ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) વલસાડ, તા.૧૦ ।

પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વિસ્તારવા માટે ગુજરાત સરકારનાં આત્મા પ્રોજેકટ દ્વારા ગામે ગામે મિશન મોડમાં ખેડૂતોને તાલીમ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના અંકલાસ ગામમાં આવેલા મણીબા પ્રાકૃતિક કૃષિ કેન્દ્ર ખાતે એક દિવસીય પ્રાકૃતિક ખેતીની તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વલસાડ જિલ્લાના આત્મા પ્રોજેકટ-નાં ફીલ્ડ ઓફિસરોએ ખેડૂતોને રાસાયણિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેના ફાયદા અને નુકસાન અંગે માહિતગાર કરી પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આહવાન કર્યુ હતું.

# વલસાડ ૧૦૮ ના સ્ટાફે ઈજાગ્રસ્ત યુવકની રૂ.૭૪,૨૦૦ની મત્તા પરિવારને સુપ્રત કરી પ્રમાણિકતાનું દ્રષ્ટાંત પુરૂ પાડ્યુ

## એસપી સર્કલ પાસે ૨૮ વર્ષીય યુવક અકસ્માતમાં અર્ધબેભાન હાલતમાં મળી આવતા તાત્કાલિક સારવાર આપી જીવ પણ બચાવ્યો

। (માહિતી) વલસાડ, તા.૧૦ ।

વલસાડ ડીએસપી સર્કલ પાસે ઈજાગ્રસ્ત થયેલા યુવક પાસેથી મળી આવેલી રૂ. ૭૪૨૦૦ની મત્તા ૧૦૮ની ટીમે ઈજાગ્રસ્તના પરિવારને પરત કરી માનવતાની મહેક પ્રસરાવી હતી. જે બદલ ઈજાગ્રસ્તના પરિવારે ૧૦૮ની ટીમનો આભાર માન્યો હતો.



વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીના સર્કલ પાસેથી પસાર થતા ૨૮ વર્ષીય હર્ષ રમેશભાઈ અધેરા અકસ્માતથી બાઈક પરથી પડી જતા તેમને પગ અને શરીરના અન્ય ભાગે મૂઢ માર વાગતા અર્ધબેભાન થઈ ગયા હતા. જેથી કોઈકે તાત્કાલિક સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા વલસાડ ૧૦૮ના ઈએમટી ચંદ્રાવતી પટેલ અને પાયલોટ બિપીન પટેલ ઘટના સ્થળે પહોંચ્યા હતા.

ઈ.આર.સી.પી. ડો. મહેશ પટેલની સૂચના મુજબ ઈજાગ્રસ્તનું ડ્રેસિંગ કર્યુ અને સક્શન કરી એરવે ખુલ્લો કર્યો હતો ત્યારબાદ બોટલ ચઢાવી પ્રાથમિક સારવાર આપી વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારી અપેક્ષાઓ અને ઉમેદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જે લોકોએ લોન લીધું હતુ તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ખાસ કરીને ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો.

**કર્ક (ડ,હ) :**
આજે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. આજે તમારા પ્રિયપાત્રને માફ કરવાનું ભૂલશો નહીં. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સવારથી જ તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે.

**તુલા (ર,ત) :**
આજે તમને મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થઈ શકે છે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

**મકર (ખ,જ) :**
આજે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો?

**કુંભ (ગ,શ,સ) :**
આજે કોઈક તમને ફસાવી ના ડે તેનું ખાસ ધ્યાન રાખજો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. કેટલાક મહત્વના મુદ્દા સાથે કામ પાડવાની તમારી રીત કેટલાક સહ-કર્મચારીઓને નહીં ગમે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

# મણિપુરમાં કરફ્યુ, ઈન્ટરનેટ બાનની અસરથી સામાન્ય જનજીવન ડહોળાયું

## સેનાના સંયુક્ત ઓપરેશનમાં ૨૩ ઉગ્રવાદીઓ ઝડપાયા, મૈતેઈ સંગઠનના નેતા અશેમ કાનન સિંહની ધરપકડથી હિંસા ભડકી, પાંચ જિલ્લામાં કરફ્યુ

। (એજન્સી) ઈમ્ફાલ, તા.૧૦ ।

પમણિપુરમાં રાષ્ટ્રપતિશાસન હોવા છતાં શનિવાર સાંજથી હિંસા ભડકતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા થયા હતા. મૈતેઈ ઉગ્રવાદી સંગઠન આરમ્બાઈ ટેંગોલના નેતા અશેમ કાનન સિંહની ધરપકડબાદ રાજ્યમાં ઠેરઠેર આગચંપી અને હિંસાના બનાવો નોંધાયા હતા. રવિવારે રાજભવન નજીક પણ ટોળાએ હિંસક વિરોધ પ્રદર્શન કરતા પોલીસે ટિયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો હતો. સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે પાંચ જિલ્લામાં કરફ્યૂ લાગુ કરી દેવામાં આવ્યો હતો. મૈતેઈ સંગઠને પણ દસ દિવસના બંધનું એલાન આપ્યું હોવાથી



મણિપુરમાં સામાન્ય જનજીવન ડહોળાયું છે. રાજ્ય સરકારે મોબાઈલ ઈન્ટરનેટ અને ડેટા સેવા પર પાંચ દિવસનો પ્રતિબંધ મૂક્યો છે. ઈમ્ફાલના ખીણ વિસ્તારના પાંચ જિલ્લાઓ ઈમ્ફાલ પશ્ચિમ, પૂર્વ, થૌબલ, બિષ્નુપુર અને કાકચિંગમાં શનિવારથી પાંચ દિવસનો કરફ્યૂ લાગુ કરાયો હતો. સીબીઆઈએ રવિવારે ઈમ્ફાલ એરપોર્ટ પરથી ૪૬ વર્ષીય કાનન સિંહની ધરપકડ કરી હતી. સંખ્યાબંધ ગુનાહિત પ્રવૃતિઓમાં સામેલ કાનન ઉપરાંત મૈતેઈ સંગઠન સાથે સંકળાયેલા ચાર અન્ય લોકોની પણ સ્થાનિક પોલીસે અટક કરી હતી. કાનન સિંહ મણિપુર પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો અને તેની સરહદ પાર હથિયારોની દાણચોરી તથા અન્ય ગુનામાં સંડોવણી ખુલતા તેને ૩ માર્ચ ૨૦૨૫ના રોજ ફરજમાંથી બરતરફ કરાયો હતો. આરમ્બાઈ ટેંગોલના નેતાની ધરપકડને પગલે તેને બિનશરતી છોડવાની માગ સાથે મોટાપાયે પુરૂષો તથા મહિલાઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. પાંચ જિલ્લામાં દેખાવકારો અને સુરક્ષા જવાનો વચ્ચે ૧૦ જેટલા સ્થળો પર ઘર્ષણ થયું હતું જેમાં સુરક્ષા જવાનો સહિત ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈમ્ફાલ પૂર્વમાં કલેક્ટર કચેરીને આગ લગાવાતા મહત્વના દસ્તાવેજોને આંશિક નુકસાન થયું હતું. મણિપુરના પૂર્વ મુખ્યમંત્રી એન બિરેન સિંહ તથા ભાજપના રાજ્યસભાના સાંસદ મહારાજા લેઈશેમ્બા સાનાજાઓબા પ્રવર્તમાન સ્થિતિથી કેન્દ્રના નેતાઓને વાકેફ કરવા સોમવારે દિલ્હી જવા રવાના હતા. મણિપુરમાં સેના તથા અન્ય દળોના સંયુક્ત ઓપરેશનમાં વિવિધ સંગઠન સાથે જોડાયેલા કુલ ૨૩ ઉગ્રવાદીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. આઠ જિલ્લામાં કરાયેલી કાર્યવાહીમાં આ લોકો પાસેથી ગ્રેનેડ, હથિયારો મળીને ૪૦ પ્રકારના વિસ્ફોટકો ઝબ્બે કરાયા હતા. રક્ષા પ્રવક્તાના મતે કાંગપોપકી, થૌબલ, કાકચિંગ, ટેંગનોપાલ, બિષ્ણુપુર, જિરિબામ, ઈમ્ફાલ પૂર્વ તેમજ પશ્ચિમમાં સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું હતું. સેનાએ આ કવાયતમાં વિસ્ફોટક ઝડપી પાડતા શ્વાન સહિતના સંશાધનનો ઉપયોગ કર્યો હતો. કાર્યવાહી દરમિયાન ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાંથી સેનાને પાંચ ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસીસ (આઈઈડી) તથા ૩૫ કિલો વિસ્ફોટકો પ્રાપ્ત થયા હતા.

## દિલ્હી ૪૯ ડિગ્રી ગરમીમાં શેકાયું! બે દિવસ હીટવેવનું ઓરેન્જ એલર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હીમાં આ વર્ષે ગરમીએ માજા મૂકી છે અને સોમવારે દેશના પાટનગરમાં ગરમીનો પારો રેકોર્ડ ૪૯ ડિગ્રીએ પહોંચ્યો હતો. ગરમીનું પ્રમાણ અત્યંત વધ્યું હતું અને વાસ્તવિક ગરમીનું તાપમાન અથવા હીટ ઈન્ડેક્સ ૪૮.૯ ડિગ્રી સેલ્સિયસને સ્પર્શ્યો હતો. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ આગામી બે દિવસ દિલ્હીમાં હીટવેટને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. લોકોને કામ વગર બહાર નહીં નિકળવા તંત્રએ અપીલ કરી છે. દિલ્હીમાં સોમવારે મહત્તમ તાપમાન ૪૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે સિઝનના સરેરાશ કરતા ૩.૪ ડિગ્રી વધુ હતું. લઘુત્તમ તાપમાન ૨૭.૬ ડિગ્રી નોંધાયું હતું અને ભેજનું પ્રમાણ ૪૮થી ૨૫ ટકા વચ્ચે નોંધાયું હતું.આઈએમડીએ આગામી ત્રણ-ચાર દિવસ સુધી મહત્તમ તાપમાન ઊંચું રહેવાની આગાહી કરી છે. દિવસના સમયે તાપમાન ૪૪ ડિગ્રી આસપાસ જ્યારે રાત્રે ૨૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. જમીની પવનોની ગતિ ૨૦-૩૦ કિ.મી. પ્રતિ કલાક રહેશે પરંતુ તેનાથી ગરમીમાં કોઈ ખાસ રાહત મળશે નહીં. ૧૨ જૂન પછી ચોમાસાની એન્ટ્રી થઈ શકે છે અને ત્યારબાદ દિલ્હીવાસીઓને ગરમીમાંથી રાહત મળશે તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું. હરિયાણા-ચંડિગઢ અને દિલ્હીના કેટલાક ભાગોમાં હીટવેવની સ્થિતિ થાળે પડી ગઈ છે.

## તાલાલા યાર્ડમાં કેસર કેરીની સીઝન પૂરી : ૨૩ વર્ષના ઇતિહાસનું સૌથી નબળું વર્ષ

। (એજન્સી) તાલાલાગીર, તા.૧૦ ।

ગીર પંથકની ગૌરવવંતી કેસર કેરીની ૨૦૨૫ની સીઝન તાલાલા માર્કેટિંગ યાર્ડ ખાતે આજે છેલ્લા દિવસની જાહેર હરાજી સાથે સત્તાવાર રીતે પૂરી થઈ છે. જોકે, આ વર્ષ ગીરના ખેડૂતો અને કેરીના વેપારીઓ માટે અત્યંત નિરાશાજનક રહ્યું છે, કારણ કે પાછલા ૨૩ વર્ષના ઈતિહાસમાં આ પ્રથમ વખત સૌથી ઓછી કેસર કેરીની આવક નોંધાઈ છે. તાલાલા માર્કેટિંગ યાર્ડ, જે ગીરમાં કેરીની હરાજી માટેનું એકમાત્ર કેન્દ્ર છે, ત્યાં આ વર્ષે કેરીની પ્રથમ હરાજી ૨૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ શરૂ થઈ હતી અને ૮ જૂન ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ હતી. આમ, આ સીઝન કુલ ૪૪ દિવસ ચાલી હતી. આ સમયગાળા દરમિયાન, યાર્ડમાં ૧૦ કિલોના કુલ ૪,૪૯,૪૫૦ બોક્સની આવક થઈ હતી.આ આંકડો ૨૦૦૧-૨૦૦૨ના વર્ષ પછીનો સૌથી ઓછો છે. ૨૦૦૧-૨૦૦૨માં તાલાલા માર્કેટિંગ યાર્ડ ખાતે ૪,૩૧,૪૩૦ બોક્સની આવક નોંધાઈ હતી, જ્યારે સરેરાશ ભાવ પ્રતિ ૧૦ કિલોના રૂ. ૭૫૦ હતા. તેની સરખામણીએ ૨૦૨૫માં ભાવ પ્રતિ ૧૦ કિલોના રૂ. ૫૬૦ સુધી પહોંચ્યા હોવા છતાં, આવકમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે.



નવી દિલ્હીમાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

ભારતીય અંતરિક્ષ ક્ષેત્ર માટે ૧૧મી જૂને ઇતિહાસ રચાશે

## ખરાબ હવામાનને કારણે શુક્લાની અવકાશ યાત્રા બુધવાર સુધી મુલતવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ લોકોને લઈને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર જઈ રહેલું એક્સિઓમ સ્પેસનું મિશન ફ્લોરિડાના સ્પેસપોર્ટ પર પ્રતિકૂળ હવામાનને કારણે બુધવાર સાંજ સુધી પ્રસ્થાન માટે મુલતવી રાખવામાં આવ્યું છે, એમ ઈસરોના ચેરમેન વી નારાયણને સોમવારે માહિતી આપતાં જણાવ્યું હતું.ભારતીય અંતરિક્ષ ક્ષેત્ર માટે ૧૧મી જૂને ઈતિહાસ રચાશે. ૪૧ વર્ષ પછી કોઈ ભારતીય અંતરિક્ષ યાત્રી અંતરિક્ષમાં જશે. ઈતિહાસમાં પહેલીવાર કોઈ ભારતીય અંતરિક્ષ યાત્રી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર જવાનો છે. ભારતીય વાયુસેનાના ટેસ્ટ પાયલટ શુભાંશુ શુક્લા ૧૫ વર્ષ સુધી કોમ્બેટ પાયલટ રહી ચુક્યાં છે. તેઓ ઐતિહાસિક અંતરિક્ષ મિશન-એક્સીઓમ-૪ પર જઈ રહ્યા છે. એક્સીઓમ સ્પેસ અંતર્ગત લોન્ચ આ મિશનને 'મિશન આકાશ ગંગા' પણ કહેવામાં આવી રહ્યું છે. આ ખાનગી અંતરિક્ષ ઉડાણ હશે, જે ૧૦મી જૂને નાસાના કેનેડી સ્પેસ સેન્ટરના સ્પેસ એક્સના ક્રૂ ડ્રેગન સી૨૧૩ યાન દ્વારા લોન્ચ થશે.

રશિયા, ભારત-ચીન ફરીથી સંયુક્ત રીતે કામ કરે તેવો લાવરોવને આશાવાદ

## ભારત-ચીન વચ્ચેના તણાવમાં નોંધપાત્ર ઘટાડો થયો : રશિયાના વિદેશ મંત્રી

### એશિયા અને યુરોપ ખંડના આ મહત્વના દેશો બહુ-ધ્રુવીય સ્થાપ્યોની કામગીરી પર વાતચીત કરી શકે છે

। (એજન્સી) મોસ્કો, તા.૧૦ ।

ભારત અને ચીન વચ્ચે સરહદ પર છેલ્લા ઘણા સમયથી તણાવ નોંધપાત્ર રીતે ઓછો થયો છે. બંને પાડોશી દેશો વચ્ચે શાંતિ માટે વાતચીત પણ ચાલુ છે જેને પગલે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે ફરીથી ત્રણેય દેશો અટકેલા કાર્યોને પાટા પર લાવવા પ્રયાસ કરશે તેવી આશા વ્યક્તકરી હતી. રશિયા, ભારત અને ચીન (રિક)ની ત્રિપૂટી આ માટે બહુ-ધ્રુવીય સ્થાપત્યોના રચના કરવા માટે રિક ફોરમેટમાં ફરીથી સક્રિય રીતે કામગીરી શરૂ કરે તે પેન-યુરેશિયન પ્રક્રિયાની દિશામાં સૌપ્રથમ પગલું રહેશે તેમ લાવરોવે ફોરમ ઓફ ધ ફોર્ચ્યુન-૨૦૫૦ ને સંબોધતા જણાવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી ત્રણેય દેશો વચ્ચે વિદેશ મંત્રીના સ્તરની બેઠક યોજાઈ નથી. પરંતુ રશિયા ચીનના સમકક્ષ ઉપરાંત ભારતના વિદેશી બાબતોના વિભાગના વડા સાથે સતત સંપર્કમાં છે. આશા છે કે રશિયા-ભારત-ચીનની ત્રિપૂટી ફરી સાથે મળીને અટવાયેલા કામો પુનઃ શરૂ કરે. મારા મતે ભારત-ચીન વચ્ચેના તણાવમાં ઘટાડો થયો છે અને તે નોંધપાત્ર રીતે ઓછો થયો છે. દિલ્હી અને બેઈજિંગ વચ્ચે વાટાઘાટ થકી સરહદ પર સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. આ જ કારણથી રિક દેશો ફરીથી અટવાયેલા કામોને પાટા પર લાવે તે જરૂરી છે તેમ રશિયન સરકારની સમાચાર એજન્સી ટાસ સાથેની વાતચીતમાં લાવરોવે જણાવ્યું હતું. એશિયા-યુરોપ ખંડના આ મહત્વના દેશો બહુ-ધ્રુવીય સ્થાપ્યોની કામગીરી પર વાતચીત કરી શકે છે. આના માટે રશિયા અને ચીને અગ્રણી તથા સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ તેવું રશિયાના વિદેશ મંત્રીનું માનવું છે. આ દિશામાં (રિક) ફોરમેટ સૌપ્રથમ પગલું રહેશે. ટેસ્લાના અબજોપતિ સીઈઓ એલન મસ્કના પિતા એરોલ મસ્કે પણ ફોરમમાં હાજરી આપી હતી.

US પ્રમુખ ટ્રમ્પની ઇમિગ્રેશન નીતિનો વિરોધ જારી

## લોસ એન્જેલસ સળગી રહ્યું છે તોફાનીઓ સામે ટ્રમ્પ આક્રમક

### ૪૦ લાખની વસતી ધરાવતા લોસએન્જેલસમાં સતત ત્રીજા દિવસે વિરોધ પ્રદર્શન ચાલુ રહેતા ટ્રમ્પે ૩૦૦ નેશનલ ગાર્ડ્સને મોકલ્યા હતા

।(એજન્સી) લોસએન્જેલસ, તા.૧૦।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈમિગ્રેશન નીતિના વિરોધમાં લોસ એન્જેલસ ખાતે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો દિવસે-દિવસે વધુ ઉગ્ર બની રહ્યા છે. રવિવારે પ્રદર્શનકારીઓએ રસ્તા ચક્કાજામ કરી સેલ્ફ ડ્રાઈવિંગ કાર્સને આગ લગાવતાં સુરક્ષા દળોએ ટીયર ગેસ, રબર બુલેટ્સ અને ફ્લેશ બેન્ગ્સનો ઉપયોગ કર્યો હતો. સ્થિત કાબૂમાં લેવા ટ્રમ્પે નેશનલ ગાર્ડ્સની ટુકડીઓ મોકલી હતી, જેનો લોસ એન્જેલસના ગવર્નરે વિરોધ કર્યો હતો અને આ પગલાને રાજ્યના સાર્વભૌમત્વ પર પ્રહાર સમાન ગણાવ્યુ હતું. સ્થાનિક સમય પ્રમાણે રવિવાર સાંજ સુધીમાં મોટા ભાગના પ્રદર્શનકારીઓને વિખેરી નાખવામાં આવ્યા હતા અને પોલીસે આ પ્રદર્શનને ગેરકાયદેસર ગણાવ્યું હતું. વિરોધ પ્રદર્શન ચાલુ રાખનારા લોકોની અટકાયત કરી રસ્તાઓ ખાલી કરાવાયા હતા. પોલીસની આ કાર્યવાહીના વિરોધમાં પથ્થરમારો




થયો હતો. મોટા પથ્થરની આડશો મૂકવાની સાથે ઈલેક્ટ્રિક સ્કૂટર્સ તથા ફટાકડા સળગાવી પોલીસનો રસ્તો રોકવા પ્રયાસ થયો હતો. આ હિંસક વિરોધના પગલે પોલીસને ઓવરપાસ પર સંતાઈ જવાની ફરજ પડી હતી. બેકાબૂ બનેલા ટોળા દ્વારા રમખાણોના પગલે પોલીસે ૨૭ તોફાનીઓની ધરપકડ કરી હતી. પોલીસ પર ક્રૂડ બોમ્બ ફેંકવાના અને પોલીસ પર મોટરબાઈક ચડાવી દેવાનો પ્રયાસ કરનારા આરોપી ઓનો પણ તેમાં સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ૪૦ લાખની વસતી ધરાવતા લોસએન્જેલસમાં સતત ત્રીજા દિવસે વિરોધ પ્રદર્શન ચાલુ રહેતા ટ્રમ્પે ૩૦૦ નેશનલ ગાર્ડ્સને મોકલ્યા હતા. તેમને જોઈને પ્રદર્શનકારીઓમાં આક્રોશ વધ્યો હતો અને સ્થાનિક નિવાસીઓ પણ નારાજ થયા હતા. પ્રદર્શનકારીઓને ડાઉનટાઉન ખાતે ડીટેન્શન સેન્ટરમાં રખાયેલા છે. આ ડીટેન્સન સેન્ટર પર હુમલો રોકવા તથા સરકારી ઈમારતોને બચાવવા ગાર્ડ્સની ટુકડીઓ મોકલવામાં આવી હતી. પ્રદર્શનકારીઓએ નેશનલ ગાર્ડ્સની ટુકડીઓને નિશાન બનાવી હતી. તેમની વિરુદ્ધમાં સૂત્રોચ્ચારો સાથે પ્રદર્શનકારીઓ ખૂબ નજીક પહોંચી ગયા હતા. તેમને વિખેરવા માટે ટીયર ગેસ છોડવામાં આવ્યા હતા. લોસ એન્જેલસ પોલીસે પણ ભીડને વિખેરવા માટે હથિયાર ચલાવવા પડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, પહેલી રાત ખરાબ હતી, પરંતુ તે પછીના સમયમાં સ્થિતિ વધારેને વધારે કથળી રહી છે. પોલીસ પર ઘાતક દારૂગોળાનો ઉપયોગ થઈ રહ્યો છે, જે મોતનું કારણ બની શકે છે.

## સિંધુ નદીના પાણી માટે પાક.ની કાકલૂદીઃ ભારત જવાબ આપતું નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

સિંધુ નદીનું પાણી અટકાવી દેવાના ભારતના પગલાની સીધી અસર પાકિસ્તાન પર દેખાઈ રહી છે. તે હવે ભારત સામે આ મામલે રીતસર કરગરવા લાગ્યું છે. જોકે ભારતે સ્પષ્ટ કર્યુ છે કે સિંધુ જળ કરાર પર ત્યાં સુધી કોઈ વાતચીત કરશે નહીં, જ્યાં સુધી ભારતની આતંકવાદને લઈને જે કોઈ ચિંતાઓ છે એ દૂર થાય નહી થાય. આ સંધિ સંપૂર્ણ નવી બનાવવા પણ માગણી કરાઈ છે.પાકિસ્તાનના જળ સંસાધન સચિવ સૈયદ અલી મુર્તજાએ કેટલીય વાર ભારતનો સંપર્ક કર્યો હતો અને ભારતને અપીલ કરી હતી કે એ સિંધુ જળ કરારને સ્થગિત કરવાના નિર્ણય પર ફેરવિચારણા કરો. મુર્તજાએ ભારતના જળ સંસાધન સચિવ દેબશ્રી મુખરજીને કેટલાંય પત્રો લખ્યાં છે અને કહ્યું છે કે પાકિસ્તાન ભારત તરફથી ઉઠાવવામાં આવેલા વાંધાઓ પર ચર્ચા કરવા તૈયાર છે. જોકે, ભારતે પાકિસ્તાનના એક પણ પત્રનો જવાબ આપ્યો નથી. ભારત સરકારનું કહેવું સ્પષ્ટ છે કે જ્યાં સુધી આતંકવાદ સંબંધિત ભારતની ચિંતાઓનું સમાધાન થાય નહીં અને કરારને નવું સ્વરુપ આપવામાં નહીં, ત્યાં સુધી ભારત કોઈ પણ સ્તર પર વાતચીત કરશે નહીં. ઉલ્લેખનીય છે કે દેબાશ્રી મુખરજીએ આ નિર્ણયની જાણકારી પાકિસ્તાનને ઔપચારિક રીતે આપી દીધી હતી.

# ગુજરાતના લોકોમાં સહકારનો વારસો, સહયોગ અને સેવા ભાવના છે, એ જ રાષ્ટ્રની પ્રગતિનો માર્ગ છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। ગાંધીનગર ।

આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે આજે રાજભવન-ગાંધીનગર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં "સહકારથી સમૃદ્ધિ સંમેલન" યોજાયું હતું.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલન પૂર્વે રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ સંમેલન અંતર્ગત વિવિધ સહકારી મંડળીઓ દ્વારા લગાવવામાં આવેલી પ્રદર્શનીની મુલાકાત લઈને મંડળીના પ્રદર્શનકારો સાથે પ્રત્યક્ષ સંવાદ સાધ્યો હતો.

સહકારથી એક શ્રેષ્ઠ વિશ્વનું નિર્માણ થાય છે'; આ થીમ સાથે આયોજિત સંમેલનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સહકારી આગેવાનોને સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાતના લોકોમાં આદિકાળથી સહકારની ભાવના રહેલી છે. અહીંના નાગરિકો માત્ર પોતાની પ્રગતિ માટે જ નહીં, પરંતુ પોતાની સાથેના લોકોની ઉન્નતિ માટે પણ કાર્ય કરે છે. તેમણે કહ્યું કે, દુનિયામાં એ જ લોકો સારા અને ઉમદા ગણાય છે, જે પોતાની સાથે અન્ય લોકોના કલ્યાણની ચિંતા કરે છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે, ગુજરાતના લોકો સહકારના બળ પર નિરંતર આગળ વધતા રહ્યા છે અને એનું જીવંત ઉદાહરણ છે – અમૂલ ડેરી. ગામડાંથી શરુ થયેલી નાની ડેરી આજે વિશ્વ કક્ષાએ ઓળખ મેળવી ચૂકી છે. તેમણે સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલા તમામ પ્રતિનિધિઓને આહવાન કર્યું કે કૃષિ, બેંકિંગ, મત્સ્ય ઉદ્યોગ કે અન્ય કોઈપણ ક્ષેત્રમાં સહકાર દ્વારા નવી તકો ઊભી કરી, રોજગારીનું સર્જન કરો અને લોકોના જીવનમાં સુધારો લાવવાનો સંકલ્પ લો.

વેદોના ઉલ્લેખ સાથે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, બુદ્ધિશાળી અને સંસ્કારી લોકો એકસાથે સમાજના હિત માટે કાર્ય કરે તે જરૂરી છે. સમાજ સંગઠિત થયા વિના દેશ આગળ વધી શકે નહીં. સમજુ અને જ્ઞાની લોકોની ફરજ છે કે તેઓ સાથે મળીને ઊર્જા, સંપત્તિ અને સંસાધનોના વિસ્તરણ માટે પરસ્પર સહયોગી બને. તેમણે વધુમાં જણાવ્યું કે, ગામડાના છેવાળાના માનવી સુધી સહકારનો લાભ પહોંચાડવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે અને ગુજરાતના કુશળ સહકારી આગેવાન અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ આ મંત્રાલયનું સફળ નેતૃત્વ કરી રહ્યા છે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ તરીકે ઘોષિત કરવું એ પણ એના વૈશ્વિક મહત્ત્વનું ઉદાહરણ છે. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સહકારી મંડળીઓના પ્રતિનિધિઓને તેમના કાર્યક્ષેત્રના વિસ્તાર માટે પ્રેરિત કરતાં કહ્યું કે, તમારી પાસે વર્ષોનો અનુભવ છે, તેનો ઉપયોગ કરી સહકાર ક્ષેત્રને વધુ ઉન્નત બનાવો. પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે



રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના પ્રયાસોની સરાહના કરતાં કહ્યું કે, ગુજરાતના લાખો ખેડૂતો હવે રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી બે ભિન્ન છે. પ્રાકૃતિક ખેતી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન આપે છે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ દ્વારા જમીન, પાણી, હવા અને લોકોના આરોગ્યનું રક્ષણ થાય છે.

રાજ્યપાલશ્રીએ સહકારી મંડળીઓને ગુજરાતની ગૌશાળાઓ અને પાંજરાપોળ સાથે જોડાઈને જીવામૃત, ઘનજીવામૃત અને પ્રાકૃતિક જંતુનાશક ઉત્પાદનોનું ઉત્પાદન અને વિતરણ કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે આથી ગૌશાળાઓની આવક વધશે, ખેડૂત સમૃદ્ધ બનશે, પર્યાવરણ બચશે અને સમગ્ર દેશ માટે આ મોડેલ બની રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સહકાર એ માત્ર વ્યવહાર નથી, એ એક ભાવના છે, આ ભાવનાને દ્રઢપણે અપનાવવાથી આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી સાર્થક થશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની સહકારિતા ક્રાંતિમાંથી પ્રેરણા લઈને આ વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ઉજવાઈ રહ્યું છે. આ ઉજવણીનો પ્રારંભ પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી શરૂ કરાવ્યો હતો.

એટલું જ નહિ, આ જ વર્ષે ગુજરાતની સહકારી પ્રવૃત્તિના પ્રણેતા શ્રી ત્રિભુવનદાસ પટેલના નામ સાથે દેશની પહેલી સહકારી યુનિવર્સિટીની વડાપ્રધાનશ્રીએ ભેટ આપી છે તેનાથી આ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી વધુ ગૌરવમય બનશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના વિઝનથી 'કો-ઓપરેટિવ એમોન્ગ કો-ઓપરેટિવ્ઝ' એટલે કે સહકારિતામાં સહકારનો ઉમદા વિચાર સહકાર ક્ષેત્રને મળ્યો છે. આ વિચારમાં રાજ્યની બધી સહકારી સંસ્થાઓ પોતાના આર્થિક વ્યવહારો સહકારી સંસ્થાઓ સાથે જ કરે, દરેક પ્રાથમિક મંડળી, એ.પી.એમ.સી., હાઉસિંગ મંડળી, ડેરી વગેરે જેવી તમામ સંસ્થાના બેંક એકાઉન્ટ મધ્યસ્થ સહકારી બેંકમાં હોય, ઉપરાંત ધિરાણ લેવા માટે પણ સહકારી તંત્રનો જ ઉપયોગ થાય એવી પરસ્પર સહકારની ભાવના રહેલી છે. તેમણે વધુમાં કહ્યું કે, "સહકારના નાણાં સહકારમાં જ રહે" અને આ નાણાં સમગ્ર સહકારના વિકાસનો સ્ત્રોત બને તો તમામ સંસ્થાઓ એકબીજાને ઉપયોગી થવાની સાથે પાયાના લોકોના ઉત્થાનમાં પણ મદદરૂપ થઈ શકે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાન તરીકેના સેવા દાયિત્વને આજે ૧૧ વર્ષ પૂરાં થયા છે. તેમના કાર્યકાળમાં સેનાથી લઈને નાનામાં નાના કો-ઓપરેટિવ ઓર્ગેનાઈઝેશન સુધી સૌને સાથે લઈને ચાલવાની પરંપરા તેમણે વિકસાવી છે.

તેમના જ દિશાદર્શનમાં દેશમાં સહકાર ભાવના પ્રબળ બની છે અને આઝાદી પછી પહેલીવાર અલાયદું સહકાર મંત્રાલય બન્યું છે અને તેનું સુકાન ગુજરાતના સહકારી અગ્રણી અને લોકપ્રિય સાંસદ શ્રી અમિતભાઈ શાહનો સોંપ્યું છે. આ સહકાર મંત્રાલય શરૂ થતાં દેશમાં 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે સહકારી ક્ષેત્રને મળાખાકીય અને સંસ્થાગત સ્વરૂપ આપવાની શરૂઆત થઈ છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી અને સહકારિતાને એકબીજાના પૂરક ગણાવતા કહ્યું હતું કે, ખેતીને આવનારા દિવસોમાં ઉત્તમ અને ટકાઉ બનાવવા અને જમીન સુધારણા માટેનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી જ છે.

વડાપ્રધાનશ્રીએ પણ વિકસિત ભારત માટે જનજાગૃતિ માટેના ૯ સંકલ્પો આપ્યાં છે તેમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા પર ભાર મૂક્યો છે તેનો પણ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. આ માટે વડપ્રધાનશ્રીએ આપેલા 'કેચ ધ રેઈન' અભિયાન અંતર્ગત વરસાદનું ટીપે ટીપું પાણી બચાવવા અને ખેતીમાં 'પર ડ્રોપ મોર ક્રોપ' માટે ડ્રીપ ઈરિગેશન સિંચાઈ પદ્ધતિ અપનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત સૌ સહકારી આગેવાનોને "સફેદ કપડામાં સંત" તરીકે ઉદબોધતા કહ્યું હતું કે, આ સહકારી આગેવાનો પોતાના સ્વાર્થ માટે નહિ, પરંતુ પોતાની સંપૂર્ણ શક્તિ સાથે હરહંમેશ સૌના કલ્યાણ માટે પ્રયત્નશીલ રહેતા હોય છે.

## ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૫૩ ટકાથી વધુ પાણીનો જથ્થો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ચાલુ વર્ષે આગામી દિવસોમાં ચોમાસાનું ગુજરાતમાં આગમન થવા જઈ રહ્યું છે ત્યારે ગત વર્ષે સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહશક્તિના ૪૪.૧૮ ટકા જળ સંગ્રહ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૩.૦૪ ટકા પાણી ઉપલબ્ધ છે. જેમાંથી આગામી સમયમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૧૦ જૂન-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૪૦.૮૧ ટકા જળ સંગ્રહ હતો તેમ જળ સંપત્તિ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. વધુમાં મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૪૪.૦૮ ટકા જળ સંગ્રહ, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૪૩.૨૫ ટકા જળ સંગ્રહ, ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૩૮ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૮.૧૦ ટકા અને કચ્છના ૨૦ જળાશયોમાં ૨૭.૫૭ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અને જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં સરકારે સુજલામ સુફલામ જળસંચય અભિયાન, નલ સે જલ અભિયાન જેવા જળ સંચયના અનેક અભિયાનો શરૂ કર્યા હોવાથી જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાત આત્મનિર્ભર બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા 'કેચ ધ રેઈન'ના આહ્વાનને સાકાર કરવા ગુજરાતમાં 'કેચ ધ રેઈન- સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦'નો મહેસાણાના દવાડાથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. આ સિવાય સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ધોળીધજા તેમજ મોરબીના મચ્છુ-૩ જળાશયમાં હાલ ૯૧ ટકાથી વધુ પાણી ઉપલબ્ધ છે. જ્યારે કચ્છના કાલાઘોઘા જળાશયમાં ૮૨ ટકાથી વધુ, રાજકોટના ભાદર-૨માં ૭૭ ટકાથી વધુ, છોટા ઉદેપુરના સુખી જળાશયમાં ૭૪ ટકાથી વધુ તેમજ રાજકોટના આજી-૨માં ૭૩ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે.

# સાબરમતી રિવરફ્રન્ટ-અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ભવ્ય યોગશિબિરનું આયોજન

## યોગના પ્રખર નિષ્ણાંતો દ્વારા ૧૦ હજારથી વધુ યોગપ્રેમીઓને યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનના વિવિધ અભ્યાસો માટે માર્ગદર્શન અપાશે

। ગાંધીનગર, તા.૧૦ ।



વિશ્વ યોગ દિવસ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તા. ૧૧ જૂનના રોજ સવારે ૫:૩૦ થી ૭:૩૦ કલાક દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ભવ્ય યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સાબરમતી રિવરફ્રન્ટ સ્થિત ઈવેંટ સેન્ટર ખાતે આયોજિત આ વિશિષ્ટ યોગશિબિરમાં આશરે ૧૦ હજારથી વધુ યોગપ્રેમીઓ યોગાભ્યાસ કરશે. તદુપરાંત મુખ્યમંત્રીશ્રી, કાર્યક્રમમાં સહભાગી થયેલા યોગપ્રેમીઓને યોગના પ્રાચીન જ્ઞાનને નવી પેઢી સુધી પહોંચાડવાનો સંદેશ આપશે. આ અવસરે રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

યોગ દ્વારા શારીરિક, માનસિક અને આત્મિક આરોગ્ય તરફ સમાજને પ્રેરિત કરવા તેમજ યોગને જીવનશૈલી બનાવીને વ્યક્તિ-સમાજને તંદુરસ્ત તથા સુખમય બનાવવાના હેતુથી આ સમગ્ર યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યોગના પ્રખર નિષ્ણાંતો દ્વારા યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનના વિવિધ અભ્યાસો માટે માર્ગદર્શન આપવામાં આવશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની "મન કી બાત"માં યોગ દ્વારા મેદસ્વિતા દૂર કરવા માટે સમગ્ર દેશની જનતાને સંદેશ આપવામાં આવ્યો છે. જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે પણ 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન શરૂ કર્યું છે. જેને પરિપૂર્ણ કરવામાં આ શિબિર એક સશક્ત પગલું સાબિત થશે. 'વિશ્વ યોગ દિવસ'-૨૦૨૫ની થીમ "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ"ને અનુલક્ષીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યોગ શિબિરનું આયોજન ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન અને યોગસેવક શ્રી શીશપાલજીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. અમદાવાદના મહત્તમ નાગરિકો, યુવાનો, વડીલો અને યોગપ્રેમીઓને આ યોગ મહોત્સવમાં જોડાવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે વટ સાવિત્રી વ્રતની ઉજવણી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૦ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે જેઠ સુદ પૂનમને મંગળવાર તારીખ ૧૦ /૬ /૨૫ ના રોજ વટ સાવિત્રી વ્રત નિમિત્તે ગણપતિજી,બ્રહ્માજી, સત્યવાન,અને સાવિત્રીજી નું મૂર્તિ સ્વરૂપે ભક્તિભાવથી પૂજન અર્ચન કરી વડદાદાને સુતર વીંટી બહેનોએ પ્રદક્ષિણાઓ કરી હતી. ગામની અનેક બહેનોએ આ વ્રત કર્યું હતું. વટ સાવિત્રી વ્રતની વાર્તા સાંભળી અંતમાં થાળ અને આરતી કરી પ્રસાદ ગ્રહણ કરી ભૂદેવ શ્રી ભરતભાઈ એ.પંડ્યા ના આશીર્વાદ લઈ સૌએ વ્રત સમાપ્ત કર્યું હતું આ વ્રત કરીને પોતાના પતિનું લાંબુ આયુષ્ય કાયમ રહે એવી પ્રાર્થના કરતી દરેકે દરેક સ્ત્રીને વંદન કરવા ઘટે.પતિ પરમેશ્વર એ લગભગ દરેક ભારતીય સ્ત્રીનો પાયાનો સંસ્કાર છે.

# ધરમપુરના ગાયત્રી મંદિર ખાતે સર્વરોગ નિદાન ચિકિત્સા કેમ્પ યોજાયો



। વલસાડ, તા.૧૦ ।

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રેરિત અને નિયામકશ્રી આયુષ કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ધરમપુરના ગાયત્રી મંદિર ખાતે ધરમપુર તાલુકાના સરકારી આયુર્વેદિક દવાખાના તિસ્કરી તલાટ, ખાંડા, ખારવેલ અને હોમીયોપેથી દવાખાનું ધરમપુર દ્વારા સર્વ રોગ નિદાન ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૨ લાભાર્થીએ કેમ્પનો લાભ લીધો હતો. ૩૭૦ ગ્રામજનોને IEC નું વિતરણ કરી આયુર્વેદ અને હોમીયોપેથી ચિકિત્સા પધ્ધતિથી નિદાન સારવાર કરી ઔષધિનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેડિકલ ઓફિસ વૈદ્ય સેજલ પટેલ, વૈદ્ય ભાવિન ચૌધરી, વૈદ્ય પ્રતીક્ષા પટેલ, ડો.કેતન વ્યાસ, ફાર્માસિસ્ટ ધર્મેશ, સહાયક તરીકે સેવક અમિત ગાંવિત, પ્રકાશ, યતેન્દ્ર, ભાવેશ, યોગ શિક્ષક શિવમ, આશા, રમણ, ગુલાબભાઈનો સહકાર મળ્યો હતો. ગાયત્રી મંદિરના ટ્રસ્ટી ધીરુભાઈનો વિશેષ સહકાર મળ્યો હતો.

## આર.સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ખાતે ડિપ્લોમા એન્જિનિયરિંગ પ્રવેશ અંગે માર્ગદર્શક સેમિનાર યોજાશે

। અમદાવાદ, તા.૧૦ ।

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ (ACPDC), અમદાવાદની નોડલ સંસ્થા, આર.સી. ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ (RCTI) દ્વારા ધોરણ-૧૦ પછી ડિપ્લોમા એન્જિનિયરિંગના પ્રથમ વર્ષમાં અને C2D (સર્ટિફિકેટ ટુ ડિપ્લોમા) દ્વારા સીધા બીજા વર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે એક વિશેષ માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૩ જૂન, ૨૦૨૫, શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સેમિનાર હોલ, એનેક્સી બિલ્ડિંગ, આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ખાતે આ સેમિનાર યોજાનાર છે.

આ સેમિનારનો મુખ્ય હેતુ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના ક્રમિક પગથિયાં વિશે વિગતવાર સમજ આપવાનો અને તે દરમિયાન વિદ્યાર્થીઓ તથા વાલીઓને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાનો છે. આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદના તજ્જ્ઞ અને અનુભવી અધિકારીઓ દ્વારા પ્રવેશ ફોર્મ ભરવાથી લઈને કોલેજ પસંદગી સુધીની સંપૂર્ણ પ્રક્રિયા પર પ્રકાશ પાડવામાં આવશે અને ઉપસ્થિત લોકોના પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવશે.

ડિપ્લોમા એન્જિનિયરિંગમાં ઉજ્જવળ કારકિર્દી બનાવવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આ અમૂલ્ય તકનો લાભ લઈ શકે છે.

# વલસાડના વાંકલ પીએચસીમાં યોગ બોર્ડ દ્વારા સગર્ભા બહેનો માટે વિશેષ યોગ સત્રનું આયોજન કરાયુ



। વલસાડ, તા.૧૦ ।

સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના ઝોન કો-ઓર્ડીનેટર પ્રીતિબેન પાંડે દ્વારા સગર્ભા બહેનો માટે એક વિશેષ યોગસત્રનું આયોજન વલસાડ તાલુકાના વાંકલ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કરવામાં આવ્યું હતું.



આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આ વર્ષની થીમ "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ"ની થીમ છે. સગર્ભા બહેનો સ્વસ્થ રહે, સ્વસ્થ બાળકને જન્મ આપે અને નોર્મલ પ્રસુતિ થાય તે હેતુ સાથે વિવિધ ગામોમાંથી આવેલી ૧૦૦થી વધુ સગર્ભા બહેનોને આસન, પ્રાણાયામ, દિનચર્યા, આહારવિહાર અંગે જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પીએચસીના મેડિકલ ઓફિસર ડો.મયુરી પટેલ અને સમસ્ત સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં યોગ ટ્રેનર ચંગુના સુરવસે અને ધારા શોભાએ સહયોગ આપ્યો હતો.

### વડોદરા ગોરવા વિસ્તારની ઘટના

# ભેલપુરીની દુકાને નોકરી કરતા યુવકને બે શખ્સોએ ફટકાર્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

વડોદરા ગોરવા વિસ્તારમાં રહેતા અને રાત્રી બજાર ખાતે રાજસ્થાન ભેલ પાણીપુરીની દુકાને નોકરી કરતા યુવકને બે શખ્સોએ તો અમને લુખ્ખા કેમ કહેતો હતો તેમ કહીને માર માર્યા બાદ પટ્ટાથી હુમલો કર્યો હતો. યુવકને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ત્યારે કપાળના ભાગે પાંચ ટાંકા આવ્યા હતા. યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને શખ્સ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી શાલીમાર પાર્ક સોસાયટીમાં રહેતા મોહમદ હારુન સમસુલ કમરખાને ફરિયાદ નોંધાવી છે કે રાત્રી બજાર પાસે રાજસ્થાન ભેલ પુરીની દુકાનમાં નોકરી કરી મારું ગુજરાન ચલાવુ છું. ગત આઠ જૂનના રોજ બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ મારા મિત્ર શમશાદખાનની માહિ સલૂનની દુકાન ગોરવા ખાતે હોય હું હેર મસાજ કરવા માટે ગયો હતો. તે દરમ્યાન તેના સલૂનમાં બબલુ તથા શેરા દારૂ પીધેલી હાલતમાં સલૂનમાં બેઠા હતા અને મોટે મોટેથી વાતો કરતા હતા. જેથી મેં મારા મિત્ર શમશાદખાનને જણાવેલ કે તારી સલૂનની દુકાને આવા ફાલતુ લુખ્ખાઓને કેમ બેસાડે છે તેવું કહી હું હેર મસાજ કરીને તેની સલુનમાંથી મારા ઘરે જતી રહયો હતો અને પછી સાડા ચાર વાગ્યાની આસપાસ મારા મોબાઈલ ફોનમાં બબલુનો ફોન આવ્યો હતો અને મને કહેવા લાગ્યો કે તું અમને બન્ને લુખ્ખા કેમ કહેતો હતો?

### વસૂલાત કરાતા રોષ

# ખંભાતના મીતલી ગામે ખેડૂતો સાથે અન્યાય થયો હોવાનું સામે આવ્યુ

। (એજન્સી) ખંભાત, તા.૧૦ ।

ખંભાતના મીતલી ગામે ખેડૂતો સાથે અન્યાય થયો હોવાનું સામે આવ્યુ છે. બેંકે ખેડૂતોને ૧૫૨ મુજબ નોટિસો પાઠવી છે. બેંકે ખેડૂતો પાસે રિકવરી કરતા આ વિવાદ ઉઠ્યો છે. લોન ભરનાર, જમીન ન ધરાવનાર ખેડૂતો પાસે રિકવરી કરવામાં આવી રહી છે. આ વસૂલાતના કારણે ખેડૂતોએ પોતાનો રોષ ઠાલવ્યો છે. પોલીસ આ મામલે કોઈ એક્શન લે તે જરુરી છે. તેવી માગ ખેડૂતોએ કરી છે.

લોનની ભરપાઈ કરી હોવા છતા ખેડૂતોને નોટિસ પાઠવવામાં આવી રહી છે. ત્યારે હેરાનગતિ શાંત કરવામાં આવે તેવી રજૂઆત ખેડૂતોએ કરી છે. કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. આ કેસ ચાલી રહ્યો હોવા છતાં વસૂલાત કરવામાં આવી રહી છે. વસૂલાત કરવા માટે પહોંચેલા લોકો વિરુદ્ધ ખેડૂતોએ પોતાનો રોષ દર્શાવ્યો હતો. ખેડૂતો પાસે નાણાં ભરેલા પાવતીઓ છે. ચેકિંગની વિગતો પણ છે. કોર્ટમાં કેસ ચાલતો હોવા છતાં વસૂલાત થઈ રહી છે. આ તમામ બાબતો ખેડૂતોએ જણાવી હતી. જમીન ન ધરાવનાર વૃદ્ધાને ૩.૬૫ લાખ વસૂલાતની નોટિસ ફટકારવામાં આવી છે. પુરાવાના અભાવ સાથે વસૂલાત માટે પહોંચતા ખેડૂતોએ ઉગ્ર રોષ બતાવ્યો હતો. એક તરફ, ખેડૂતો પાક નુકસાની અને પાણીની અછતના કારણે પરેશાન હોય છે. ત્યારે બીજી તરફ, બેંકો તરફથી પણ ખેડૂતોને હેરાનગતિ થતી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

### કરાર આધારિત ભરતી બંધ કરો, કાયમી ભરતી કરો

# ગાંધીનગરમાં ૪૦૦થી વધુ વ્યાયામ શિક્ષકોનું આંદોલન શરૂ થયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ ।

ગુજરાત રાજ્યમાં કરાર આધારિત વ્યાયામ શિક્ષકની ભરતી બંધ થાય અને કાયમી વ્યાયામ શિક્ષકોની સત્વરે ભરતી કરવામાં આવે તેવી માંગ સાથે ૪૦૦થી વધુ વ્યાયામ શિક્ષકોએ વહેલી સવારથી ગાંધીનગરના રામકથા મેદાનમાં ધામા નાખ્યા છે. અનેકવાર રજૂઆતો કરવા છતાં કાયમી શિક્ષકોની ભરતી કરવામાં ન આવતા વ્યાયામ શિક્ષકો મેદાને ઉતર્યા છે. ઉનાળાના ધોમધખતા તડકામાં વ્યાયમ શિક્ષકો આંદોલન ઉપર બેઠા છે અને વધુમાં વધુ વ્યાયામ વીરોને જોડાવવાની અપીલ કરવામાં આવી છે. વ્યાયામ શિક્ષકોના આંદોલનને યુવરાજ સિંહ જાડેજા , જીગ્નેશ મેવાણી, અમિત ચાવડા સહિતના નેતાઓએ સમર્થન આપી તેમની સાથે જોડાયા છે. હાલ પોલીસની ગાડીઓનો કાફલો આંદોલન સ્થળે પહોંચી ગયો છે અને વ્યાયમ શિક્ષકોની અટકાયતનો દોર શરુ કર્યો છે. આંદોલનકારીઓને નેતાઓ દ્વારા શિસ્ત અને શાંતિ જાળવવા માટે અપીલ કરવામાં આવી છે. આ આંદોલન આવતીકાલે એટલે કે ૧૯ માર્ચ ૨૦૨૫ના રોજ પણ ચાલુ રહેશે.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષથી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં આવી નથી. જેથી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં આવે. રાજ્યમાં વ્યાયામ શિક્ષકની કાયમી ભરતી માત્ર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં કરવામાં આવે છે.





